# Gyan Amrit
# જ્ઞાનામૃત

May 2026 - Issue 05
Retail Price 15/-




1st May
Gujarat Sthapna Divas



સુખશાંતિ ભવનમાં 'માતૃભાષા દિવસ'ની ઉજવણીમાં બ્ર.કુ. ડૉ. નેહાબેન, આચાર્ય SN કૉલેજ ડૉ.અલ્પેશભાઈ, આચાર્ય મહિલા ગુરૂકુળ ડૉ.દેવેન્દ્રભાઈ, વિદ્યાપીઠમાં ગુજરાતીના HOD ડૉ.સંજયભાઈ, બ્ર.કુ. ડૉ. મમતાબેન.



શહેરાના ભવનના ઉદ્દ્ઘાટનમાં બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. રતનબેન, બ્ર.કુ. અમરબેન, નગરસદનના પ્રમુખ મુકેશભાઈ, પત્રકાર પરિષદના પ્રદિપભાઈ, લાયન્સના કેતકીબેન.



કેશોદમાં 'આપણું સ્વાસ્થ્ય આપણાં હાથમાં' કાર્યક્રમમાં ડૉ. સતીષ ગુપ્તા, ડૉ. રાહુલભાઈ, ડૉ. અશ્વિનભાઈ, ડૉ. રાજેશભાઈ, ડૉ. છાયાબેન, નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ, વકીલ ડી.ડી. દેવાણી, બ્ર.કુ. રૂપાબેન.



અમરેલી ખાતે 'શ્રીમદ ભગવત ગીતા જ્ઞાન સપ્તાહ' કાર્યક્રમમાં DDO ભ્રાતા પી.બી. પંડ્યા IAS, નાગરીક બેંકના ડીરેક્ટર ભ્રાતા જંયતીભાઈ પટોડીયા, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. કિંજલબેન તથા અન્ય મહાનુભાવો.




સુરત વરાછા ખાતે 'ડિઝાઈન યોર ડેસ્ટીની'માં બ્ર.કુ. ડૉ. મોહિત ગુપ્તા, ડિસ્ટ્રી. જજ પ્રવીણભાઈ મીખીયા, વકીલ કિશોરભાઈ, જી.વી. એક્સપોર્ટના માલિક વિઠ્ઠલભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. જૈમીનાબેન.



રાજકોટ રાજનગરમાં 'સંગમ ગૌરવપુર્ણ વૃધ્ધાવસ્થા–સન્માનીત જીવન' સ્નેહમિલનમાં જનકલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ભ્રાતા ઉમેશભાઈ, યોગ માર્ગદર્શિકા ભગિની નિશાબેન, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. રીટાબેન.




સુરત પરવટમાં 'વિશ્વ જળ દિવસે' પાણીના મહત્વ માટે જનજાગૃતિ કેળવવા પ્રભાતફેરી બાદ સમુહમાં બ્રહ્માવત્સો સાથે બ્ર.કુ. સંગીતાબેન.



સુરત પાસોદરામાં 'વિશ્વ જળ દિવસે' જળ સંરક્ષણની માહિતી આપી 'જળ બચાવો'ની પ્રતિજ્ઞા કરતા બ્રહ્માવત્સો સાથે બ્ર.કુ. હર્ષાબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૯ | મે - ૨૦૨૬ | અંક : ૦૫

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- રાજયોગી બ્રહ્માકુમાર જગદીશચંદ્રને ........તંત્રી સ્થાનેથી ..04
- પ્રસન્નતાના પથ પર - ઘર બને મંદિર .......બ્ર.કુ. શિવાની ..06
- રમતગમતમાં નૈતિકતા - ભાગ-1 ..........બ્ર.કુ. સમરજીત ..08
- જ્ઞાનબીજ ........................................બ્ર.કુ. મમતા ..11
- આત્માની આધ્યાત્મિક અવસ્થાઓ ...........બ્ર.કુ. મુકેશ ..12
- પારિવારિક સંબંધોમાં મધુરતા .................બ્ર.કુ. નિલમ ..13
- રાજયોગિની ગીતાદીદીજી ........................બ્ર.કુ. હેમંત ..14
- ગીતાદીદીને સ્મરણાંજલી ......................બ્ર.કુ. કિશોર ..18
- મહાશિવરાત્રી - વામન અવતાર...........બ્ર.કુ. વિવેકાનંદ ..20
- યજ્ઞ ઈતિહાસમાં બેગરી પાર્ટ ................બ્ર.કુ. અનુબેન ..23
- ક્યારે બનશું ................................બ્ર.કુ. જૂનાગઢ ..25
- જ્ઞાન પરબ - ભાગ્યની સ્મૃતિ ...............બ્ર.કુ. જગદીશ ..26
- પ્રભુ પ્રસાદ - પવિત્રતા ..........................બ્ર.કુ. નીતા ..28
- પ્રસંગ પરિમલ ..................................................30
- સકારાત્મક વિચારની શક્તિ .................................32
- સંગમયુગની પ્રશ્નાવલી ........................................34



**2026 ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |

મુદ્રક અને પ્રકાશક
**ભારતી રણછોડદાસ સોમૈયા**
તંત્રી
**ડૉ. નંદિની હર્ષદરાય દ્વિવેદી**
માલિક
**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

જ્ઞાનામૃત માટે કૃતિઓ, ફોટા, લેખ, કવિતા, અન્ય પ્રકાશન સામગ્રી તંત્રીશ્રી, જ્ઞાનામૃત કાર્યાલયના નામે - સરનામે મોકલવા અથવા ઈમેઈલ દ્વારા મોકલવા
gyanmrit.guj@gmail.com

**વિશેષ નોંધ -** જ્ઞાનામૃતના નવા સભ્યો સમગ્ર વર્ષ દરમિયાન બની શકાશે. જાન્યુઆરીથી બધા અંક તેમને મળશે. મેમ્બર બનવા માટે નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક, ડી.ડી. થી લવાજમ ભરવું. Gpay, મોબાઈલ નંબર કે Phone Pay ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરી શકાશે નહીં.

**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**જ્ઞાનામૃત કાર્યાલય - પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - 380 022.**

Mobile : **+91 94267 08448** Phone : **079 - 2532 4460**

Email : **gyanamrit.guj@gmail.com**

### તંત્રી સ્થાનેથી

## બ્રહ્માકુમારીઝ સંસ્થાના પ્રથમ મુખ્ય પ્રવકતા

# રાજયોગી બ્રહ્માકુમાર જગદીશચંદ્ર હસીજાના

## સ્મૃતિદિવસે હૃદયાંજલિ.... શ્રદ્ધાંજલિ....

બ્રહ્માકુમારીઝના ઈતિહાસમાં કેટલીક મહાન આત્માઓ એવી છે જેમણે પોતાની જ્ઞાનમય વાણી, તર્કબદ્ધ વિચારો અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ દ્વારા લાખો લોકોના જીવનને નવી દિશા આપી છે. આવી મહાન આત્માઓમાં બ્રહ્માકુમાર રાજયોગી જગદીશચંદ્ર હસીજાનું નામ વિશેષ શ્રદ્ધા અને ગૌરવથી લેવામાં આવે છે. તેમની પુણ્યતિથિ નિમિત્તે તેમની દિવ્ય સ્મૃતિને નમન કરતા આપણે તેમના અસાધારણ જીવન, ત્યાગ, સેવા, આધ્યાત્મિક યોગદાનને સ્મરણ કરીએ.

રાજયોગી જગદીશભાઈ માત્ર એક પ્રવક્તા નહોતા, પરંતુ આધ્યાત્મિક જ્ઞાનને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી રજૂ કરનારા અનોખા ચિંતક હતા. તેમણે બ્રહ્માકુમારીઝ સંસ્થાના આદ્ય સ્થાપક પિતાશ્રી પ્રજાપિતા બ્રહ્માબાબાના નિદર્શિત રાજયોગના માર્ગને વિશ્વભરમાં તર્કસંગત રીતે રજૂ કરીને આધ્યાત્મિકતા અને વિજ્ઞાન વચ્ચે એક સુંદર સમન્વય સ્થાપ્યો. તેમની વાણીમાં સ્પષ્ટતા અને તર્કશક્તિ એવી હતી કે તેમને સાંભળનાર સૌ કોઈના મનમાં ઊંડો પ્રભાવ પાડતી.

આદરણીય જગદીશભાઈએ પોતાના જીવનમાં ઈશ્વરીય જ્ઞાનને માત્ર અભ્યાસ સુધી મર્યાદિત ન રાખતાં તે જ્ઞાનનો અમલ કરી જીવનમાં ઉતારવાનો સંપૂર્ણ પ્રયત્ન કર્યો. તેઓ હંમેશા કહેતા કે, સાચું જ્ઞાન તે છે કે જે માનવ જીવનમાં પરિવર્તન લાવે, વિચારોને શુદ્ધ બનાવે અને આત્માને પરમાત્મા સાથે જોડે. તેમના પ્રવચનોમાં આધ્યાત્મિકતાની સાથે જીવન વ્યવહારની સરળતા અને પ્રાયોગિકતા પણ સ્પષ્ટ દેખાતી.

બ્રહ્માકુમારી સંસ્થાના મુખ્ય પ્રવક્તા તરીકે તેમણે વિશ્વના અનેક દેશોમાં જઈને ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ અને સહજ રાજયોગની મહત્તા સમજાવી. તેમના ભાષણોમાં એક અનોખી શક્તિ હતી. તેમાં તર્ક, વિજ્ઞાન અને આધ્યાત્મિક અનુભવનો અદભુત સમન્વય જોવા મળતો. આ કારણે જ વિવિધ દેશોના વિદ્વાનો, વૈજ્ઞાનિકો અને વિચારકો પણ તેમની વાણીથી પ્રભાવીત થતા. બ્ર. કુ. જગદીશભાઈએ આધ્યાત્મિકતાને આધુનિક વિજ્ઞાન સાથે જોડીને સમજાવવાનો વિશેષ પ્રયાસ કર્યો. તેઓ વારંવાર સમજાવતા કે આધ્યાત્મિકતા કોઈ અંધવિશ્વાસ નથી, પરંતુ આત્માની શક્તિઓને જાગૃત કરવાની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. રાજયોગ ધ્યાન દ્વારા મનની શક્તિઓ વધે છે, તણાવ અને ચિંતાઓ ઓછી થાય છે અને જીવનમાં સાચું સુખ, શાંતિ તથા સંતુલન આવે છે. આવા મુદ્દાઓ દ્વારા તેમણે આધ્યત્મને અત્યંત સરળ અને તર્કસંગત રીતે રજૂ કરતાં.

તેમની વાણીમાં એક વિશેષતા એ હતી કે તેઓ જટિલ આધ્યાત્મિક તત્વોને ખૂબ સરળ ભાષામાં સમજાવતા. તેઓ આત્મા, પરમાત્મા, કર્મસિદ્ધાંત, સમયચક્ર અને માનવજીવનના ધ્યેય જેવા વિષયો પર એટલી સ્પષ્ટતા સાથે વાત કરતા કે સામાન્ય વ્યક્તિ પણ તેને સહજતાથી સમજી શકે. આ કારણસર જ તેઓ બ્રહ્માકુમારી સંસ્થાના 'જ્ઞાનના વ્યાખ્યાતા' તરીકે ઓળખાતા.

રાજયોગી જગદીશભાઈએ પોતાના જીવન દ્વારા ત્યાગ, અનુશાસન અને સમર્પણનું ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું. તેમણે પોતાની વ્યક્તિગત સુખસગવડોનો ત્યાગ કરીને સમગ્ર જીવન માનવજાતની આધ્યાત્મિક સેવા માટે સમર્પિત કરી દીધું. તેમના માટે સેવા માત્ર કાર્ય નહોતું, પરંતુ તે એક આધ્યાત્મિક સાધના હતી.

તેમના પ્રવચનોમાં એક મહત્વનો સંદેશ હંમેશા રહેલો–' મનુષ્ય પોતે આત્મા છે અને પરમાત્મા તેની શક્તિનો સ્ત્રોત છે.' જ્યારે મનુષ્ય પોતાનું સાચું આત્મસ્વરૂપ ઓળખે છે અને પરમાત્મા સાથે યોગ જોડે છે, ત્યારે જીવનમાં અદભુત પરિવર્તન આવે છે. આ સંદેશ દ્વારા તેમણે લાખો લોકોના જીવનમાં નવી આશા અને આત્મવિશ્વાસ જગાવ્યો.

બ્રહ્માકુમાર જગદીશભાઈની લેખનસેવા પણ અત્યંત નોંધપાત્ર રહી. તેમણે આધ્યાત્મિક વિષયો પર અનેક પુસ્તકો અને લેખો લખ્યા છે. જેમાં રાજયોગ, આત્મજ્ઞાન, વિશ્વપરિવર્તન અને માનવમૂલ્યો અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી છે. તેમના લખાણોમાં જ્ઞાનની ઊંડાઈ સાથે આધ્યાત્મિક અનુભૂતિનો પણ સ્પર્શ જોવા મળે છે. તેમની વાણી અને લેખનનો મુખ્ય હેતુ એક જ હતો - માનવજાતને આંતરિક શાંતિ, પ્રેમ અને સુખનો સાચો માર્ગ બતાવવો. તેઓ માનતા હતા કે વિશ્વમાં શાંતિ ત્યારે જ સ્થાપિત થઈ શકે જ્યારે દરેક વ્યક્તિ પોતાના મનમાં શાંતિનો અનુભવ કરે. અને આ આંતરિક શાંતિનો સ્ત્રોત છે - પરમાત્મા સાથેનો રાજયોગ.

તેઓનું જીવન પણ આપણને એ શીખવી જાય છે કે, આધ્યાત્મિકતા કોઈ એકાંતની સાધના નથી, પરંતુ તે સમાજ અને વિશ્વકલ્યાણ સાથે જોડાયેલી છે. જ્યારે મનુષ્ય પોતાના વિચારોને શુદ્ધ બનાવે અને પરમાત્માની યાદમાં રહે, ત્યારે તે સ્વયં પણ શાંતિ અનુભવે છે તથા સમાજમાં પણ શાંતિના સંદેશવાહક બને છે. તેમણે ખાસ કરીને યુવાનોને આધ્યાત્મિક મુલ્યો તરફ પ્રેરિત કર્યા. યુવાનોને સ્વશક્તિ ઓળખવા અને ઉચ્ચ જીવનના મુલ્યો અપનાવવા માટે વ્યવહારિક ઉદાહરણો સાથે માર્ગદર્શન આપ્યું.

તેમની સ્મૃતિદિવસ માત્ર સ્મરણનો દિવસ નથી, પરંતુ આપણા માટે પ્રેરણાનો એક અવસર છે. આ દિવસે આપણે તેમની જીવનશૈલી, તેમના વિચારો અને તેમના અખંડ નિસ્વાર્થ સેવાભાવને પોતાના જીવનમાં અપનાવવાનો દૃઢ સંકલ્પ લઈ શકીએ. જો આપણે તેમના નિર્દેશીત રાહ પર અનુસરીએ, તો આપણું જીવન પણ આધ્યાત્મિક પ્રકાશથી ચોક્કસ ઉજ્જવળ બની શકે. ચાલો, આ મહાન વિભૂતિને સાચી શ્રદ્ધાંજલિ આપવા એક વિધિ અપનાવીએ કે, સૌ બ્રાહ્મણ- કુલભૂષણ રાજયોગના અભ્યાસ અને પ્રયોગ દ્વારા સ્વયંની શક્તિઓને ઓળખી, જાગૃત કરીને, વિશ્વમાં શાંતિ, પ્રેમ અને સુખના સંદેશવાહક બનીએ.

રાજયોગી જગદીશચંદ્ર હસીજાનું જીવન કાયમ એક પ્રેરણાસ્ત્રોત બની રહેશે. તેમની જ્ઞાનમય વાણી, તેમની તર્કબદ્ધ વિચારધારા અને તેમની નિષ્કામ સેવા ભવિષ્યમાં પણ અનેક આત્માઓને સતત માર્ગદર્શન આપતી રહેશે. આ સ્મૃતિદિવસ નિમિત્ત આપણે આ મહાન આત્માને કૃતજ્ઞતા પૂર્વક નમન કરી અને પરમાત્મા (શિવબાબા) પાસે અરજી કરીએ કે, તેમની દર્શાવેલી જ્ઞાન પ્રકાશની અવિનાશી જ્યોત આપણા હૃદયમાં સદાય પ્રગટતી રહે. સ્વયં સર્વોચ્ચ શક્તિ પરમાત્માએ આપેલ ટાઈટલ ગણેશજીને સદા નમન... વંદન... સહૃદય શ્રધ્ધાસુમન અર્પણ.

॥ ૐ શાંતિ ॥

**બ્ર. કુ. ડો. નંદિની**

### પ્રસન્નતાના પથ પર

# પારિવારિક સુખ-આનંદનું આત્મિક રહસ્ય - ઘર બને મંદિર

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



આજના ઝડપી અને વ્યસ્ત જીવનમાં માણસ પાસે સાધનો અને સુવિધાઓ તો ઘણીઓ વધી ગઈ છે, પરંતુ મનની સાચી શાંતિ અને સંબંધોની મીઠાશ ઘણી વખત ઓછી થતી દેખાય છે. ખાસ કરીને પારિવારિક જીવનમાં નાનાં-મોટાં મતભેદ, અપેક્ષાઓ, અહંકાર અને તણાવના કારણે સુખનો અભાવ અનુભવાય છે. દરેક વ્યક્તિ ઈચ્છે છે કે, પોતાનું ઘર પ્રેમ, અંદરોઅંદર એકબીજાને સમજવાની ભાવનાઓ અને આનંદ કિલ્લોલથી ભરપુર હોય, પરંતુ ક્યારેક અચાનક એવી પરિસ્થિતિઓ કે ઘટનાઓ બને છે કે મનમાં અસંતોષ અને અશાંતિ ઊભી થાય છે.

પારિવારિક સુખનું રહસ્ય બહારની પરિસ્થિતિઓમાં નથી, પરંતુ આપણા વિચારો, ભાવનાઓ અને આત્મિક શક્તિમાં રહેલું છે. જ્યારે વ્યક્તિ પોતાના આંતરિક સ્વરૂપને ઓળખી સ્વયંના વિચારોને સકારાત્મક બનાવે છે, ત્યારે તે પરિવારના વાતાવરણને સુખમય બનાવી શકે છે.

## સુખનું સાચું સરનામું

સામાન્ય રીતે માનવી એવું ઈચ્છે છે કે, પરિવારના સૌ સભ્યો મારી ઈચ્છા પ્રમાણે વર્તે, મને સમજીને મારા કહ્યા મુજબ ચાલશે તો જ સુખ મળશે. પરંતુ આ ઈચ્છા ઘણી વખત નિરાશા અને તણાવનું કારણ પણ બની જાય છે.

સુખ કોઈ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિઓમાં બંધાયેલું નથી. સુખ તો આત્માનો મૂળ સ્વભાવ છે. જ્યારે આપણે પોતાના આંતરિક સ્વરૂપ સાથે જોડાઈએ છીએ, ત્યારે સ્વાભાવિક રીતે શાંતિ, પ્રેમ અને આનંદનો અનુભવ થાય છે. પરંતુ જો આપણે આપણા સુખને અન્ય લોકોના વર્તન સાથે જોડી દઈએ તો આપણું મન હંમેશા બાહ્ય પરિસ્થિતિઓ પર આધારિત રહેશે. પરંતુ જો આપણે સુખને પોતાની અંદરથી અનુભવવાનું શીખી જઈએ તો પરિસ્થિતિઓ બદલાય કે ન બદલાય, પણ મનની શાંતિ તો ચોક્કસ પણે જળવાઈ રહે છે.

## અપેક્ષાઓ નહીં, આપવાની ભાવના

પરિવારીક જીવનમાં તણાવનું એક મોટું કારણ છે - નાની મોટી આશા અને અપેક્ષાઓ. ઘણી વખત આપણે વિચારીએ છીએ કે, સામેની વ્યક્તિ મને સમજશે, મારું સન્માન જાળવશે અને મારા કરેલા કર્યો અને મારાં પ્રયત્નોની કદર કરશે. પરંતુ જ્યારે આ અપેક્ષાઓ પૂરી નથી થતી ત્યારે મનમાં નિરાશા જન્મે છે. સાચા સંબંધો અપેક્ષાઓથી નહીં પરંતુ આપવાની ભાવનાથી જ મજબૂત બને છે.

જો આપણે સતત એવું વિચારીએ કે ‘મને શું મળ્યું?’ તો મનમાં અસંતોષ જ રહેશે પરંતુ જો આપણે એમ વિચારીએ કે ‘હું બીજાને શું શું આપી શકું તેમ છું?’ તો સંબંધોમાં પ્રેમ-આનંદ વધે છે. પરિવારના સભ્યોને પ્રોત્સાહન, સમજ, સન્માન, નિસ્વાર્થ પ્રેમ આપીએ તો સંબંધો વધુ મીઠા બને છે.

## સ્વીકાર - સંબંધોમાં સુમેળનું સેતુ

પારિવારીક જીવનમાં મોટાભાગના

મતભેદનું મૂળ કારણ એ છે કે આપણે બીજા (સામેના) વ્યક્તિને બદલવાનો પ્રયત્ન કરીએ છીએ. દરેક વ્યક્તિના સંસ્કારો, વિચારસરણી અને જીવનના અનુભવ અલગ હોય છે. સાચું સુખ ત્યારે આવે, જ્યારે આપણે બીજા વ્યક્તિને તેના સ્વભાવ સાથે સ્વીકારી લઈએ. સ્વીકારનો અર્થ અહીં એ નથી કે, ખોટી બાબતોને સમર્થન આપવું, પરંતુ એ સમજવું જોઈએ કે, દરેક આત્માની યાત્રા ભિન્ન-ભિન્ન હોય છે.

જ્યારે આપણે સ્વીકારવાની શક્તિને વિકસાવીએ છીએ ત્યારે મનમાં નારાજગી અને વિરોધની ભાવના ઘટે છે. તેના બદલે સમજ અને સહાનુભૂતિની ભાવના ઊભી થાય છે. આ ભાવના પરિવારના સંબંધોને મજબૂત બનાવે છે અને ઘરના વાતાવરણમાં શાંતિ લાવે છે.

## આપણી વાણી આપણાં સંબંધોની દિશા નક્કી કરે છે

ઘરના વાતાવરણને ઘડવામાં વાણીની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. એક મીઠો શબ્દ કોઈના દિલને ખુશીઓથી ભરી શકે છે, જ્યારે એક કઠોર શબ્દ લાંબા સમય સુધી દિલ અને મનને દુ:ખ પહોંચાડી શકે છે. આપણે ઘણીવાર બહારના અન્ય લોકો સાથે ખૂબ શિસ્તથી વાત કરીએ છીએ, પરંતુ ઘરના સભ્યો સાથે ક્યારેક ઉતાવળમાં કઠોર બની જઈએ છીએ. પારિવારીક જીવનમાં સુખ-શાંતિ-આનંદ ટકાવી રાખવા માટે જરૂરી છે કે -

૧. આપણે વિચારપૂર્વક, શાંતિથી વાત કરીએ.
૨. કોઈની ટીકા ન કરતા તેને પ્રોત્સાહન આપીએ.
૩. ગુસ્સો ન કરીએ પણ સમજ અને કરુણાથી વાત કરીએ.
૪. આ પ્રકારની વાણી પરિવારના વાતાવરણને સકારાત્મક અને સુખમય બનાવે છે.

## આત્મજાગૃતિ - સુખી જીવનનો આધાર

પરમાત્માના આધ્યાત્મિક સંદેશમાં મુખ્ય અને મહતવપૂર્ણ વાત આત્મજાગૃતિની છે. જ્યારે વ્યક્તિ પોતાને માત્ર શરીર નહીં પરંતુ એક શાંત અને પવિત્ર આત્મા તરીકે અનુભવે, ત્યારે તેના વિચારોમાં સ્થિરતા અને શુદ્ધતા આવે છે. આ આત્મિક અનુભવ વ્યક્તિને આંતરિક શક્તિ આપે છે. પરિણામે તે વિપરીત પરિસ્થિતિઓને શાંતિપૂર્વક સંભાળીને અને સંબંધો જાળવી મજબુત બનાવી શકે છે.

## રાજયોગ ધ્યાન - આંતરિક શક્તિનો સ્ત્રોત

બ્રહ્માકુમારીઝ દ્વારા શીખવવામાં આવતો રાજયોગ-ધ્યાન મનને શાંત અને શક્તિશાળી બનાવવાનું એક અસરકારક સાધન છે. ધ્યાન દ્વારા વ્યક્તિ પોતાના અંદરના સકારાત્મક ગુણોને જાગૃત કરી શકે છે. રાજયોગનો નિયમિત અભ્યાસ કરવાથી, મનમાં શાંતિ અને સ્થિરતા આવે છે. ગુસ્સો અને તણાવ ઓછો થાય છે. સહનશીલતા અને પ્રેમની ભાવના વધે છે. જ્યારે ઘરના સભ્યો પોતાની આંતરિક સ્થિતિને સકારાત્મક બનાવે છે, ત્યારે સમગ્ર પરિવારનું વાતાવરણ બદલાઈ જાય છે.

## પરિવાર - આધ્યાત્મિક વિકાસનું પવિત્ર સ્થાન

પરિવાર માત્ર એક સંસ્થા નથી કે સામાજિક બંધન નથી. પરંતુ આત્માના ગુણોને વિકસાવવાનો એક પવિત્ર સુઅવસર છે. પારિવારીક જીવનમાં જ આપણે સહનશીલતા, ક્ષમા, પ્રેમ અને સહાનુભૂતિ જેવા ગુણોને પ્રયોગમાં મૂકી શકીએ છીએ. જો આપણે પરિવારને એક આધ્યાત્મિક સ્કુલ (પાઠશાળા) તરીકે જોઈએ તો

(અનુસંધાન પેજ નં. 33 પર)

# રમતગમતમાં નૈતિકતા અને આધ્યાત્મિકતા

બ્ર.કુ. સમરજીતભાઈ, શાંતિવન, આબુ રોડ, રાજસ્થાન

સંગમયુગ પર પરમાત્મા જ્યારે ધરતી ઉપર અવતરિત થઈને, સૃષ્ટિ પરિવર્તનના મહાન કાર્ય હેતુ આદિ સનાતન દેવી-દેવતા ધર્મની પુનઃ સ્થાપના માટે અવિનાશી રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞનો આરંભ કરે છે, ત્યારે તેઓ તમામ બ્રહ્માવત્સોને અનેક વરદાનોથી ભરપૂર કરે છે. તેમાંથી જ એક અનમોલ વરદાન છે: **'તમારા બ્રાહ્મણોનું એક-એક કર્મ ભવિષ્યમાં યાદગાર બનશે.'**

આજે આપણે જોઈએ છીએ કે લૌકિક જીવનમાં ભક્તિની તમામ રસમો સંગમયુગી આપણા પુરુષાર્થ અને કર્મોની જ યાદગાર છે. આ સંદર્ભમાં, તમામ વાચકો અને બ્રાહ્મણોની સેવા તેમજ ઉન્નતિ હેતુ, 'રમત' **(ખેલ)**થી સંબંધિત કેટલાક મહત્વપૂર્ણ પ્રકરણો આપણે અહીં વિગતવાર પ્રસ્તુત કરી રહ્યા છીએ. આ પ્રકરણો તમારી દૈનિક જીવનની અલૌકિક ચર્યા તેમજ ખેલજગત સાથે જોડાયેલી આત્માઓની સેવામાં અત્યંત મદદગાર સાબિત થશે.

ભારતીય સભ્યતા વિશ્વની એ પ્રાચીનતમ સભ્યતાઓમાંની એક છે જ્યાં શરીરને માત્ર માંસ-હાડકાનું માળખું નહીં, પરંતુ **'દેવાલય'** (મંદિર) માનવામાં આવ્યું છે. પ્રાચીન ગ્રંથોમાં કહેવામાં આવ્યું છે: **'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'** અર્થાત્ ધર્મના તમામ સાધનોને પૂર્ણ કરવા માટે શરીર જ પ્રથમ માધ્યમ છે. ભારતીય ઈતિહાસના પાના ઉથલાવીએ તો સ્પષ્ટ થાય છે કે અહીં રમતગમત (ક્રીડા) ક્યારેય માત્ર મનોરંજન કે સમય પસાર કરવાનું સાધન રહ્યા નથી, પરંતુ તે **આત્મ-અનુશાસન, ચારિત્ર્યિક સુદ્રઢતા** અને **આધ્યાત્મિક ઉન્નતિ**ના માર્ગ રહ્યા છે.

## Chapter - 1

### પ્રાચીન કાળમાં ધર્મયુદ્ધ અને નૈતિક મર્યાદા

પ્રાચીન ભારતમાં રમતોને **'ધર્મ'**ની પરિધિમાં રાખવામાં આવી હતી. ભલે તે **મલ્લયુદ્ધ** હોય, **ધનુર્વિદ્યા** હોય કે **રથદોડ**, દરેક રમતના કઠોર નૈતિક નિયમો હતા. જેમાં હરીફને મર્યાદાઓથી બાંધવામાં આવ્યો હતો. મહાભારત અને રામાયણ કાળમાં પણ યુદ્ધ-કળાઓનો **'ખેલ'** તરીકે અભ્યાસ કરવામાં આવતો હતો. નિઃશસ્ત્ર પર વાર ન કરવો, શરણાગતનું રક્ષણ કરવું અને સૂર્યાસ્ત પછી રમત પ્રત્યે દ્વેષ ન રાખવો, તે ઉચ્ચ નૈતિક મૂલ્યોના પ્રમાણ હતા.

**ગુરુ-શિષ્ય પરંપરા -** ખેલ કળા નું પ્રશિક્ષણ **'અખાડા'** કે **'ગુરુકુલો'**માં થતું હતું, જ્યાં પ્રશિક્ષક માત્ર યુક્તિ જ નહોતો શીખવતો, પરંતુ શિષ્યના ચરિત્ર નિર્માણ પર ભાર મૂકતો હતો. અહીં રમત કૌશલ્ય કરતા **'વિનમ્રતા'**ને વધુ મહત્વ આપવામાં આવતું હતું.

### યોગ અને એકાગ્રતા - રમતોનો આધ્યાત્મિક આધાર

ભારતીય રમતોની સૌથી અનોખી વિશેષતા તેમનું યોગ સાથે ઊંડું જોડાણ છે. પ્રાચીન કાળમાં યોગ તમામ ગુરુકુલોની દિનચર્યાનો અનિવાર્ય હિસ્સો હતો, જે મનની એકાગ્રતા અને સ્થિરતાના લક્ષ્યને સાધતો હતો. પ્રાચીન ભારતીય એથ્લીટ સારી રીતે જાણતા હતા કે બહારનો વિજય પ્રાપ્ત કરતા પહેલા આંતરિક વિજય **(સ્વયં પર વિજય)** આવશ્યક છે. આ જ કારણે, ધનુર્વિદ્યા જેવી રમતોમાં અચૂક એકાગ્રતા (Focus) વિકસિત

કરવા માટે **'ત્રાટક'** (એક બિંદુ પર નિરંતર એકીટશે જોવું) અને **'ધ્યાન'** જેવા માનસિક અભ્યાસોનો વિશેષ રૂપે સહારો લેવામાં આવતો હતો.

### પ્રાણશક્તિનું પ્રબંધન

કબડ્ડી અને ખો-ખો જેવી રમતો પૂરી રીતે **'કુંભક'** (શ્વાસ રોકવાની કળા) પર આધારિત છે. આ રમતોમાં **'શ્વાસ'** નું તૂટવું હારનો સંકેત માનવામાં આવે છે. યોગની દ્રષ્ટિએ, શ્વસન પર આ નિયંત્રણ આત્મ-સંયમની આધ્યાત્મિક યાત્રાનું પ્રારંભિક ચરણ છે, જે ખેલાડીને વિપરીત પરિસ્થિતિઓમાં પણ શાંત રહેતા શીખવે છે.

### પ્રમુખ રમતોનું દાર્શનિક મહત્વ

ભારતીય સભ્યતાએ દુનિયાને જે રમતો આપી, તેમની પાછળ ઊંડું જીવન-દર્શન છુપાયેલું હતું. **શતરંજ** (ચતુરંગ) - આ માત્ર મગજની રમત ન હતી, પરંતુ આ જીવનની અનિશ્ચિતતા અને રણનીતિક **વિવેક** (Wisdom)નું પ્રતીક હતું. આ શીખવે છે કે એક મહોરાનું બલિદાન પણ મોટા લક્ષ્ય (ધર્મ) ની રક્ષા માટે જરૂરી હોઈ શકે છે. **મલ્લયુદ્ધ** (કુસ્તી) - અખાડાની માટીને કપાળ પર લગાવવી **'ધરતીમાતા'** પ્રત્યે સન્માન અને અહંકારના ત્યાગનું પ્રતીક છે. પહેલવાન પોતાની શક્તિને ઈશ્વરની દેણ માનીને તેને સમાજની રક્ષા માટે સમર્પિત કરતો હતો.

### મધ્યકાળ - ભક્તિ અને શક્તિનો સમન્વય

મધ્યકાળમાં જ્યારે દેશ બાહ્ય આક્રમણોનો સામનો કરી રહ્યો હતો, ત્યારે **સમર્થ રામદાસ** જેવા મહાન સંતોએ **શક્તિ**ને **ભક્તિ** થી જોડવાનું ક્રાંતિકારી કાર્ય કર્યું. તેમણે મુખ્ય રૂપે હનુમાનજીની ઉપાસનાને પ્રોત્સાહન આપ્યું અને ગામે-ગામમાં હનુમાન મંદિરો તેમજ અખાડાઓની સ્થાપના કરી. હનુમાનજીને રમતો અને શારીરિક બળનો આદર્શ માનવામાં આવ્યા, કારણ કે તેઓ **'અપરિમિત બળ'** ના સ્વામી હોવા છતાં **'પરમ વિનમ્ર'** અને **જિતેન્દ્રિય** (ઈન્દ્રિયોને જીતનાર) હતા. અહીં રમતનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર મનોરંજન નહીં, પરંતુ **આત્મ-રક્ષા** અને **નિર્બળની સેવા** બની ગયો. બરાબર આ જ પ્રકારે, વર્તમાન સંગમ યુગમાં આપણે બ્રાહ્મણ જીવનમાં જોઈએ છીએ કે સૃષ્ટિ પરિવર્તનના આ મહાન ઈશ્વરીય કાર્ય દરમિયાન, સેવાઓમાં માનસિક, શારીરિક તેમજ સામાજિક રૂપે અનેક વિઘ્ન આવવા છતાં પણ, બ્રાહ્મણ આત્માઓ અચલ-અડોલ રહીને પોતાના લક્ષ્ય પ્રત્યે નિષ્ઠાવાન અને નિર્ભય થઈને નિરંતર આગળ જ આગળ વધતી રહે છે.

### ભગવદ્ગીતા અને 'સ્પોર્ટ્સમેનશિપ'

આધુનિક વિશ્વ જેને આજે **સ્પોર્ટ્સમેનશિપ** (ખેલ ભાવના) કહે છે, તેનો મૂળ આધાર ભગવાન કૃષ્ણનો **'નિષ્કામ કર્મ'** નો સિદ્ધાંત છે. આ સિદ્ધાંત શીખવે છે કે કર્મ કરતા તેને પરમાત્માને અર્પણ કરતા જાઓ અને ફળની ઈચ્છા ન કરો; કારણ કે ફળની ઈચ્છા જ સમસ્ત સમસ્યાઓનું મૂળ કારણ છે. રમતને જો આપણે રમત તરીકે જોઈએ, ત્યારે જ તે સાર્થક થાય છે, અન્યથા તે જ રમત ઈર્ષ્યા અને વેર-ભાવ પેદા કરે છે, જે ઘણીવાર મોટું સ્વરૂપ લઈને સમાજ માટે ગંભીર સમસ્યા બની જાય છે.

### પરિણામથી તટસ્થતા

**'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'** આ મહામંત્ર ખેલાડીને જીતના અહંકાર અને હારના અવસાદ (Depression) થી બચાવે છે. જ્યારે ખેલાડી માત્ર **'કર્મ'** (રમત) પર ધ્યાન કેન્દ્રિત કરે છે, તો તે ઉત્કૃષ્ટ માનસિક અવસ્થા

(Flow State) ને પ્રાપ્ત કરે છે, જેને યોગમાં 'સમાધિ' ના સદૃશ માનવામાં આવે છે.

**બ્રાહ્મણ જીવન અને 'કરનકરાવનહાર'-**

બ્રાહ્મણ જીવનમાં પણ આપણે જોઈએ છીએ કે **'કરનકરાવનહાર બાબા છે'** આ જાણતા હોવા છતાં ક્યારેક-ક્યારેક આપણે એક-બીજા પ્રત્યે ઈર્ષ્યા-દ્વેષના ભાવથી મુક્ત નથી થઈ શકતા. આ જ કારણે ક્યારેક-ક્યારેક **'સેવા'** સેવા ન રહીને **'ડિસ-સર્વિસ'** (Dis-service)નું સ્વરૂપ લઈ લે છે. જો આપણે આ સ્મૃતિ હંમેશા જાગૃત રાખીએ કે 'કરનકરાવનહાર બાબા છે' અને આ **'અનાદિ ડ્રામા'** પહેલેથી બનેલો છે, તો તેવી શ્રેષ્ઠ અવસ્થામાં કરવામાં આવેલી સેવા આત્મામાં અમૃતનું સિંચન કરશે. એવી સ્થિતિમાં આત્માને કોડીમાંથી હીરો બનવામાં વાર નહીં લાગે.

**આધુનિક યુગમાં આધ્યાત્મિક પુનર્જાગરણ**

આજના વ્યાવસાયિક અને તણાવપૂર્ણ રમત જગતમાં ભારતીય આધ્યાત્મિક તકનીકો વૈશ્વિક સ્તર પર અપનાવવામાં આવી રહી છે. વર્તમાનમાં દુનિયાના મહાનતમ એથ્લીટ પોતાની માનસિક શાંતિ માટે ધ્યાન, વિપાસના, રાજયોગ અને અષ્ટાંગ યોગ જેવા અનેક આધ્યાત્મિક અભ્યાસોનો સહારો લઈ રહ્યા છે.

આજનો ખેલાડી **ડોપિંગ** અને **મેચ ફિક્સિંગ** જેવી અનેક અનૈતિક પડકારોનો સામનો પણ કરી રહ્યો છે. આવી આક્રમકતા અને અનિશ્ચિતતાના દોરમાં ભારતનો 'મર્યાદા' અને 'સત્ય'નો સંદેશ ફરીથી પ્રાસંગિક થતો જઈ રહ્યો છે. આજે રમતને માત્ર પદક જીતવાનું સાધન નહીં, પરંતુ 'સ્વયંને જાણવા' (Self-Realization)ની એક પાવન પ્રક્રિયાના રૂપમાં જોવામાં આવી રહી છે.

પ્રાચીનકાળથી આજે પણ, ભારતીય રમતોનો મૂળ મંત્ર **'સ્વયં પર વિજય'** રહ્યો છે. રમતના મેદાનમાં શીખેલી **ઈમાનદારી, સહનશીલતા** અને **ટીમ-ભાવના** (Team Spirit) જ વાસ્તવમાં વ્યાવહારિક આધ્યાત્મિકતા છે. જો આપણે રમતોમાંથી આ નૈતિક મૂલ્યોને કાઢી નાખીએ, તો તે માત્ર નિર્જીવ શારીરિક શ્રમ બનીને રહી જશે. તેથી, એક ખેલાડી માટે તેની અંતર્મનની સાધના અને તેનું શ્રેષ્ઠ ચરિત્ર જ તેની વાસ્તવિક **'સ્વર્ણિમ ટ્રોફી'** છે.

**'જે ખેલાડી સ્વયંના મનને જીતી લે છે, તે જ વિશ્વ વિજેતા બને છે.'**

આગળ આપણે ચર્ચા કરીશું કે ઈતિહાસના પ્રાચીન કાળથી લઈને અલગ-અલગ યુગોમાં રમત જગતમાં નૈતિક મૂલ્યોની શું ભૂમિકા રહી અને તે મૂલ્યોની સમાજ પર શું અસર પડી અને વર્તમાનમાં નૈતિક મૂલ્યોના હ્રાસ (ખોવાવા)થી કેટલા નુકસાન થયા છે. **॥ઓમ શાંતિ॥**

સર્વ બ્રહ્માકુમારી દૈવી બહેનો, જ્ઞાનામૃતના સૌ વાચકો, ચાહકો અને સભ્યોને જણાવતા અતિ આનંદ થાય છે કે, જૂન માસ મીઠી મમ્મા અને આદરણીય સરલાદીદીનો માસ છે. દીદીજી હંમેશા નવીનતા કરવાનું કહેતા. એટલે દીદીજીના 7માં સ્મૃતિ દિવસના ઉપલક્ષમાં જ્ઞાનામૃતમાં એક નવી કોલમ **'વાચકોનાં પ્રતિભાવો'** શરૂ કરીએ છીએ. જેથી આપ સૌ વાચકો જ્ઞાનામૃતમાં પ્રકાશિત વિવિધ લેખો, સામગ્રી કે અન્ય બાબતો અંગે આપના અમૂલ્ય પ્રતિભાવો ગુજરાતી **જ્ઞાનામૃતના ઈ-મેલ - gyanamrit.guj@gmail.com** અથવા **Whatsapp - 94267 0848** ઉપર અવશ્ય મોકલશો. જેને વાચકના નામ, (જો વિશિષ્ટ હોદ્દો હોય તો હોદ્દા સાથે) શહેર/ગામના નામ સાથે આવનારા અંકોમાં સહર્ષ છાપીશું.

# જ્ઞાન બીજ

બ્ર.કુ. ડૉ. મમતાબેન શર્મા, સુખશાંતિ ભવન, અમદાવાદ.

દરેક સત્કર્મની પાછળ સન્મતિ હોય છે. સમજ થી સન્મતિ આવે છે. સમજ જ્ઞાન દ્વારા કેળવાય છે. જ્ઞાન પીરસવાનું કર્તવ્ય શિક્ષકો કરે છે ટૂંકમાં તંદુરસ્ત સમજ થી જ તંદુરસ્ત સમાજ રચાય છે, જે પૂર્વજો પાસેથી સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો મળે છે ગુરુ પાસેથી શિક્ષિત અને દીક્ષિત થાય છે અને જીવન મૂલ્યો પર અડગતાથી ઊભા રહે છે. આવા લોકો જ ભાવિ પેઢીને કંઈક આપી શકે છે વેદો અને ઉપનિષદો વારંવાર એક જ વિચારને વાચા આપે છે,

आनो भद्रा : क्रतवोयन्तु विश्वत:

શિક્ષક હંમેશા જ્ઞાનવાન, પ્રજ્ઞાવાન અને ચરિત્ર્યવાન હોય છે. શિક્ષકનું શિક્ષકત્વ તેના જ્ઞાનથી ઉજાગર થાય છે. પ્રજ્ઞાથી પ્રબળ થાય છે અને ચારિત્ર્યથી સફળ થાય છે. જ્યાં જ્ઞાન હોય ત્યાં સમજ હોય અને જ્યાં સમજ હોય ત્યાં સંવાદ હોય વાદવિવાદ નહીં. સંવાદ રચવાની કળા જ્ઞાનથી જ ખીલે છે સંવાદ જ સુખ શાંતિ અને સમૃદ્ધિનું સ્થાપન કરે છે વાદ કે વિવાદ અધૂરી કેળવણીની નિશાની છે શાળાના વર્ગખંડોમાં શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે તંદુરસ્ત સંવાદ રચાય છે ત્યારે જ બાળકોમાં જ્ઞાનની વાવણી અને ખીલવણી થાય છે,

વાવવા છે બીજ મારે બાળકોના દિલ મહી
વૃક્ષ થઈને ઉગશે એ નામ જિજ્ઞાસા ધરી,
જ્ઞાનરૂપી ફળ પછી તો આવશે એ વૃક્ષ પર
શીખવી દેશે સહજમાં જીવવાનું જિંદગી.

આજની સદી એ જ્ઞાનની સદી છે. આજે આપણી પાસે માહિતીનો વિપુલ ભંડાર છે. માહિતી દિશા દર્શન કરાવે છે, જ્યારે જ્ઞાન દશા નિર્માણ કરે છે કહેવાય છે કે,

Information provides knowledge,
Knowledge provides understanding
Understanding provides action
Action always strengthens the Nation

જીવન જીવવા માટેનું જ્ઞાન ગુણાત્મક હોવું જોઈએ. જાગૃતિ વગર ઉન્નતિ કે પ્રગતિ શક્ય નથી. શિક્ષણથી જ જાગૃતિ આવે છે. બાળપણમાં પડેલા જ્ઞાનના બીજ સંસ્કાર અને ટેવ સ્વરૂપે આપણી અંદર લોહીમાં બોનમેરોની જેમ વણાઈ જાય છે જો બીજને યોગ્ય ખાતર પાણી આપી માવજત કરવામાં આવે તો સમયાંતરે તે યોગ્ય ફળ આપે જ છે. જેવી રીતે બ્રહ્મા બાબાએ યજ્ઞના પ્રારંભમાં આત્માઓને જે રીતે પાલના આપી જે રીતે શિક્ષણ આપ્યું તે આજે મોટું વટવૃક્ષ બની ગયું છે. જ્ઞાનના બીજને બ્રહ્મા બાપ દ્વારા યોગ્ય પોષણ આપવામાં આવ્યું. યોગ્ય સંસ્કાર સાથે પાલના થઈ તેથી જ આ વૃક્ષ મજબૂત બન્યું. ભલે બ્રહ્મા બાબા આજે આપણી વચ્ચે નથી પરંતુ તેમના દ્વારા અન્ય આત્માઓને એમણે જે રીતે તૈયાર કર્યા, સંસ્કાર સિંચન કર્યું, એક જ લક્ષ્ય સાથે દરેક આત્માને આવનારા સમય માટે તૈયાર કર્યા. તેનાથી આજે જુદા જુદા પરિવાર પરિવેશમાંથી આવનાર દરેક બ્રહ્માવત્સોને જ્ઞાન એક જ પ્રકારે આપવામાં આવે છે. શિક્ષિત કરવામાં આવે છે. આ જ્ઞાન બીજ છે - પ્રેમ, શાંતિ, પવિત્રતા, આનંદ જેવા ઉત્તમ ગુણો, ઉત્તમ જીવનશૈલી તથા પ્રતિદિનની ક્રિયાઓ જ્ઞાન, યોગ, ધારણા, સેવા જેવા એક જ પ્રકારે દરેકને

(અનુસંધાન પેજ નં. 31 પર)

# આત્માની ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાઓ

બ્ર.કુ. ડો. મુકેશભાઈ પટેલ, GGRC - ઈન્દ્રપ્રસ્થ

સામાન્ય રીતે આત્માની શક્તિ તેની સ્થિતિ અને શુદ્ધતાના આધારે નીચે મુજબ સમજાવી શકાય.

**માસ્ટર સર્વશક્તિમાન સ્થિતિ -** આત્મા પોતાને સર્વ શક્તિઓથી ભરપૂર અનુભવ કરે છે. પરમપિતા શિવ બાબાની શક્તિઓનો અધિકારી બનીને જીવનમાં શ્રેષ્ઠ સંકલ્પ અને કર્મ કરે છે. આ શ્રેષ્ઠ સ્થિતિમાં આત્મા સ્વ-પરિવર્તન અને ઈશ્વરીય સેવા બંને કરે છે.

**ફરિશ્તા સ્થિતિ -** આત્મા દેહભાવથી સંપૂર્ણ ન્યારી અને હલકી બને છે. પોતાને પ્રકાશમય ફરિશ્તા તરીકે અનુભવે છે. પવિત્રતા, શાંતિ અને શુદ્ધ સંસ્કારો પ્રબળ બને છે.

**લાઈટ હાઉસ - માઈટ હાઉસ સ્થિતિ -** આત્મા પ્રકાશ અને શક્તિનો સ્ત્રોત બનીને વિશ્વને વાઇબ્રેશન આપે છે. આ સ્થિતિમાં આત્મા વિશ્વની સેવા કરે છે.

**બીજરૂપ સ્થિતિ (Seed Stage) -** આત્મા નિર્વિચાર (બહુજ ઓછા સંકલ્પ ચાલે) ગહન અને સ્થિર બને છે. પરમાત્મા સાથે ઊંડો યોગ થવાથી શક્તિ સંચય થાય છે અને વિકર્મોનો ઝડપી નાશ થાય છે. કહેવાય છે 1 કલાકની બીજરુપ અવસ્થામાં રહીએ તો 2 કલાક સુધીની ઊંઘ જેટલા આરામનો અનુભવાય.

### સરળ સમજણ

### અવસ્થા અને મુખ્ય વિશેષતા

**માસ્ટર સર્વશક્તિમાન -** શક્તિનો અધિકાર

**ફરિશ્તા -** દેહથી ન્યારા, પવિત્ર.

**લાઈટ-માઈટ હાઉસ -** વિશ્વને શક્તિ અને પ્રકાશ આપવો.

**બીજરૂપ -** ગહન યોગ અને શક્તિ સંચય.

આજે આપણે **ફરિશ્તા અવસ્થા આત્માની 12 નિશાનીઓ** જોઈએ.

1. **દેહભાન, દેહ અભિમાન, દેહ અહંકારથી સંપૂર્ણ ન્યારા** - ફરિશ્તા આત્માને હંમેશા સ્મૃતિમાં રહે છે કે, હું શુદ્ધ, શાંત આત્મા છું.
2. **ડબલ લાઈટ અવસ્થા** - દેહનો ભાર અને મનનો ભાર – બંનેથી મુક્ત.

   આત્મઅભિમાની અવસ્થામાં કોઈ પણ જાતના ટેન્શન, બોજ, બંધનથી મુક્ત બેફિકર બાદશાહ આત્મા હંમેશા હલકી - ખુશ રહે છે.
3. **નિર્વિકાર અને પવિત્ર -** કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા વિકારો અને તેના બાલ બચ્ચાઓનો પ્રભાવ ન રહે.
4. **સર્વગુણ સંપન્ન -** આત્મામાં શાંતિ, પ્રેમ, આનંદ, પવિત્રતા અને શક્તિ જેવા ગુણ સ્પષ્ટ દેખાય.
5. **બાબા સાથે સતત યોગ -** બાપદાદા સાથે સહજ અને સતત સ્મૃતિ રહે છે. બીજા શબ્દોમાં કહેવાય બાબા સાથે લાઈવ કનેક્શન.
6. **સમદૃષ્ટિ -** બધા આત્માઓને સમાન દ્રષ્ટિથી જુએ છે – કોઈ પ્રત્યે દ્વેષ કે આસક્તિ નથી.
7. **નિસ્વાર્થ સેવા ભાવ -** ફરિશ્તા આત્મા હંમેશા વિશ્વ કલ્યાણનો સંકલ્પ રાખે છે.
8. **શુભ સંકલ્પ અને શુદ્ધ વાણી -** મનમાં હંમેશા શુભ વિચારો અને વાણીમાં મધુરતા હોય છે.

(અનુસંધાન પેજ નં. 13 પર)

# પારિવારિક સંબંધોમાં મધુરતા

## બ્ર.કુ. નીલમબેન પારેખ, ઈસનપુર

પારિવારિક સંબંધો માત્ર લોહીના બંધન નથી પરંતુ આત્માઓ વચ્ચેના જુના સંસ્કારો અને હિસાબ કિતાબનો સુંદર મિલાપ છે જીવનમાં આ રંગમંચ પર દરેક આત્મા પોતાનો એક વિશિષ્ટ પાર્ટ ભજવી રહી છે. કોઈ માતા તરીકે કોઈ પિતા તરીકે કોઈ સંતાન તરીકે દરેકની ભૂમિકા અનોખી અને પહેલેથી જીવન સુધી નક્કી કરેલી છે. જ્યારે આપણે આ રહસ્યને સમજીએ છીએ કે દરેક આત્મા પોતાનો પાર્ટ ડ્રામા અનુસાર ભજવી રહી છે ત્યારે સંબંધોમાંથી ફરિયાદ અને અપેક્ષા ધીરે ધીરે ઓછી થવા લાગે છે કારણ કે પછી આપણે સમજીએ છીએ કે કોઈપણ વ્યક્તિ જેવું વર્તન કરે છે તે તેના સંસ્કારો અનેક ભૂતકાળના હિસાબ કિતાબના આધારે જ કરે છે. ઘણી વખત પરિવારમાં મતભેદ થાય છે. કોઈની વાત દુઃખ આપે છે. કોઈના વર્તનથી મન ખટાશ અનુભવે છે. પરંતુ જો આપણે આને હિસાબ કિતાબ ચૂકતું કરવાનો સમય સમજીને સ્વીકારી લઈએ તો દિલમાં ભાર રહેતો નથી. બદલામાં સહનશીલતા ક્ષમા અને સમજવાની ભાવના ઊભી થાય છે.

સાચી મધુરતા તો ત્યારે આવે છે જ્યારે આપણે બીજાને બદલવાનો પ્રયત્ન ન કરીએ પરંતુ પોતાનું પરિવર્તન કરીએ. જ્યારે આપણે આત્મિક સ્વરૂપમાં સ્થિત રહીને દરેકને શુભ ભાવના અને શુભકામના આપીએ છીએ ત્યારે સંબંધોમાં મીઠાશ આપોઆપ આવી જાય છે. પરિવારના દરેક સભ્ય સાથેનો સંબંધ એ કોઈ સંયોગ નથી પરંતુ તે આપણા ભૂતકાળના કર્મોનું જ પરિણામ છે. આ સમજણથી આપણે કોઈને દોષ આપતા નથી પરંતુ દરેકને સ્વીકારીએ છીએ. જ્યારે ઘરમાં આપણા વિરુદ્ધ કોઈ બોલે કે અપેક્ષા પ્રમાણે વર્તે નહીં તો આપણે વિચારવું જોઈએ આ પણ ડ્રામાનું જ એક દ્રશ્ય છે. મારે આ સમયને શાંતિથી અને પ્રેમથી પસાર કરવો છે. આ દ્રષ્ટિકોણથી સમજદારીપૂર્વક જવાબ પણ આપી શકીએ છીએ.

અંતમાં પારિવારિક સંબંધોમાં મધુરતા જાળવવાનો સાચો માર્ગ એ છે કે આપણે દરેક આત્માને તેના પાઠ સાથે સ્વીકારીએ હિસાબ કિતાબને પ્રેમથી ચૂકતો કરીએ. હંમેશા શુભ-ભાવના રાખીએ જ્યારે આપણી દ્રષ્ટિ શુદ્ધ અને સકારાત્મક બને છે ત્યારે પરિવાર માત્ર એક ઘર નહીં રહે પરંતુ સ્વર્ગ સમાન અનુભવ થાય છે.

॥ ઓમ શાંતિ ॥

---

**(પેજ નં. 12નું અનુસંધાન)...આત્માની અવસ્થા**

9. **સમસ્યાઓમાં અચળ -** પરિસ્થિતિ કોઈ પણ હોય, આત્મા સ્થિર અને શક્તિશાળી રહે છે.
10. **ખુશી અને શાંતિનું વિકિરણ -** ફરિશ્તા આત્માની પાસે આવતા લોકો શાંતિ અને ખુશી અનુભવે છે.
11. **ફરિશ્તા સર્વ સાથે સંબંધ નિભાવવા છતાં બુધ્ધિથી ઉપરામ -** એક બાબા દૂસરા ન કોઈ
12. પોતે સમ્પૂર્ણ સંતુષ્ટ, બીજા તેમનાથી સંતુષ્ટ, ઈચ્છા માત્રમ અવિદ્યા.

**સાર -** ફરિશ્તા આત્મા એટલે દેહભાવથી મુક્ત, બાપની યાદમાં સ્થિર, સર્વગુણ અને સર્વશક્તિથી ભરપૂર, રહેમદિલ વિશ્વસેવામાં તત્પર ડબલ લાઈટ.

॥ ઓમ શાંતિ ॥

### જ્ઞાનામૃત દ્વારા અલૌકિક જન્મ લેનાર

# રાજયોગિની ગીતાદીદીનું અવ્યક્ત આરોહણ...

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



વિશ્વ ઈતિહાસમાં એક મહામાનવના ફરિશ્તા બનવાનો સર્વશ્રેષ્ઠ દિવસ છે '18 જાન્યુઆરી' પ્રજાપિતા બ્રહ્માબાબાનો 'સ્મૃતિ દિવસ 18 જાન્યુઆરી' પિતાશ્રી સમાન સંપૂર્ણ કર્માતીત ફરિશ્તા બનવાની પ્રેરણા આપે છે. મીઠી માં જગદમ્બા સરસ્વતીજીનો 'સ્મૃતિ દિવસ 24 જૂન' માતેશ્વરી જેવી તપસ્યા કરાવે છે, તો માર્ચ માસમાં દાદા-દાદીઓના સ્મૃતિ દિવસો (કુંજદાદી - 2 માર્ચ, મિઠ્ઠુદાદી - 3 માર્ચ, ચંદ્રમણીદાદી - ગુલઝારદાદી 11 માર્ચ, વિશ્વકિશોરદાદા - 12 માર્ચ, નિર્મલ-શાંતાદાદી - 15 માર્ચ, જાનકીદાદી - 27 માર્ચ). જાણે આદિરત્નોની વતનમાં નીકળેલી માર્ચ (પરેડ-કૂચ) 'હવે ઘરે જવાનું છે'નો સંદેશ આપે છે! ગીતાદીદીજી પણ આદિરત્નોની આ પરેડ-કૂચમાં સામેલ થવા 11 માર્ચ 2026ના રોજ તીવ્ર પુરુષાર્થની પાંખોથી વતન તરફ ઉડી ગયા. ગીતાદીદી જેવા મહારથીઓનું સૂક્ષ્મવતન ગમન, જાણે સમયની સંપન્નતાના નગારા વગાડી રહ્યું છે.

જ્ઞાનામૃત વાંચીને ગીતા દીદીએ મેળવ્યું શ્રેષ્ઠ લક્ષ્ય અને બ્રાહ્મણ જીવનનો આધાર, પ્રથમ મિલનમાં મળ્યો દીદીને પ્રભુનો અપાર રૂહાની પ્યાર, એક ક્ષણમાં દીદી થયા શિવસાજન પર બલિહાર. નિંદા-સ્તુતિ-હાર-જીતને ગણી સમાન, દીદીએ ધારણ કર્યો ગીતા-જ્ઞાનનો સાર, સંયમ, સાદગી અને અનુશાસનથી દીદી કરતા આત્મ-શૃંગાર, મુરલીનું મનન-મંથન કરી આપતા જ્ઞાનરત્નોનો ઉપહાર! વડીલોને સન્માન, સાથીઓને સહયોગ અને નાનાંઓને દીદી આપતા સ્નેહ-દુલાર, આવા મીઠા-પ્યારા, દેહ દુનિયાથી ન્યારા ગીતાદીદીને વતનના ફરિશ્તાઓ પણ પહેરાવતા દુવાઓનો પુષ્પહાર...!

ચાલ-ચલન અને ચહેરાથી શિવપિતાને પ્રત્યક્ષ કરનારા ગીતાદીદીજી એક આદર્શ રાજયોગ શિક્ષિકા તો હતા જ, સાથે જ જ્ઞાન, યોગ, ધારણા અને સેવા - આ ચારેય વિષયોમાં સન્માન સાથે ઉત્તીર્ણ થનાર તેઓ એક આદર્શ રૂહાની વિદ્યાર્થી પણ હતા. દીદીજી મધુર વાણી અને પ્રેમયુક્ત કુશળ વ્યવહારથી સૌને પોતાના બનાવતા અને સ્વ-કર્મો દ્વારા આદર્શ બનવાના પાઠ ભણાવતા હતા. ગીતાદીદી સહજ-સરળ અને અસ્ખલિત ઓજસ્વી વાણીમાં ગીતા જ્ઞાન સંભળાવતા અને 'નિંદા-સ્તુતિ, જય-પરાજયમાં સમાન રહેનાર જ સાચો યોગી છે' - આ ગીતા સારનું સ્વયં સાક્ષાત્ સ્વરૂપ બની ગીતા-જ્ઞાન-દાતાને પ્રત્યક્ષ કરતા હતા. જીવન સંઘર્ષમાં સકારાત્મક વિચાર રાખનાર દીદી, બુદ્ધિની દોરી પરમાત્માનાં શ્રીમત રૂપી હાથમાં આપી, પ્રીતબુદ્ધિ અને દ્રઢનિશ્ચયી અર્જુન સમાન વિજય પ્રાપ્ત કરવાનું શીખવતા હતા.

દીદીજીનો જન્મ ગુજરાતના આણંદ જિલ્લાના બેડવા ગામમાં 19 નવેમ્બર 1955ના રોજ થયો હતો. પિતા કાંતિલાલ પટેલ અને માતા શાંતાબેને આ કન્યારત્નનું નામ આપ્યું ‘ગીતા’ પિતા બારડોલીમાં તાલુકા વિકાસ અધિકારી હતા. દીદીના પ્રતિષ્ઠિત અને શિક્ષિત લૌકિક પરિવારમાં, દીદીની બહેન ભારતીબેન પ્રોફેસર, ભાઈ ભરતભાઈ વકીલ તથા ભાઈ કિરણભાઈ ડોક્ટર છે. બાળપણથી જ ગીતાદીદીને આંતરિક વૈરાગ્ય રહેતો હતો, તેઓ એ જ ચિંતનમાં ખોવાઈ જતા કે આખરે આ દુનિયા છે શું? નોકરી કરવી, લગ્ન કરવા અને પછી મરી જવું - શું આ જ જીવન છે? ગીતાદીદીને બાળપણથી જ વાંચવાનો ઘણો શોખ હતો. વિવેકાનંદ, મહાત્મા ગાંધી, વિનોબા ભાવે અને અરવિંદજીના ચિંતનાત્મક લેખો દીદી રુચિથી વાંચતા. ગાંધીજીના જીવનનો દીદી પર ઘણો પ્રભાવ હતો, જેના કારણે દીદીનું જીવન ખૂબ જ સરળ હતું, તેમને ફેશન કરવી કે મિત્રો સાથે ફરવા જવું વગેરે દુનિયાવી શોખ નહોતા, સાદું જીવન - ઉચ્ચ વિચાર એ જ દીદીની ધારણા હતી.

પોતાના અલૌકિક જીવનની સફર વિશે દીદી સ્વયં આ રીતે રસપ્રદ રીતે જણાવે છે, ‘મેં આઠમું ધોરણ પાસ કર્યું હતું. અમે વેકેશનમાં માઉન્ટ આબુ ફરવા ગયા હતા, આ વાત છે 1969 મે મહિનાની! માઉન્ટ આબુના સનસેટ રોડ પર બ્રહ્માકુમારીઝના નિર્માણાધીન મ્યુઝિયમનો એક રૂમ સેવા માટે તૈયાર હતો. ગાઈડ્સ એક-એક ગ્રુપને જ્ઞાન સમજાવી રહ્યા હતા, ભીડ ઘણી હતી. અમે તો બાળકો હતા, એટલે ઊંડાઈથી જ્ઞાન સમજમાં ન આવ્યું, પરંતુ પિતાજીએ ખૂબ જ રસપૂર્વક જ્ઞાન સમજ્યું. તેમણે સંગ્રહાલયમાંથી હિન્દી સાહિત્યના પુસ્તકો લીધા. પિતાજીની આ રૂહાની જ્ઞાનમાં એટલી રુચિ જાગી કે બારડોલી આવીને તેમણે ઘરમાં જ ક્લાસ શરૂ કરી દીધા. આબુથી લાવેલ પુસ્તકનું એક-એક પ્રકરણ પિતાજી વાંચતા અને અમે સાંભળતા, અમે ન તો કોર્સ કર્યો હતો, ન અમને કંઈ ખબર હતી, અમે ફક્ત બેસતા હતા. પિતાજીના કાર્યક્ષેત્ર હેઠળના સરભોણ(ગામ)માં એક હેલ્થ સેન્ટર હતું, જ્યાં વડોદરાના ડોક્ટર જયંતભાઈ સાથે પિતાજીની મુલાકાત થઈ. તેમના ઘરમાં જ્ઞાનના ચિત્રો જોઈ પિતાજી બોલ્યા, ‘હું ઘણા દિવસોથી આ શોધી રહ્યો છું, પણ મને કોઈ મળ્યું નહીં, તમે આ ચિત્રો ક્યાંથી લાવ્યા?’ તેઓ બોલ્યા, ‘આબુથી’ ડો. જયંતભાઈ સાકાર બ્રહ્માબાબાને પણ મળ્યા હતા. પિતાજી બારડોલીથી સરભોણ જઈને ડો. જયંતભાઈ પાસેથી કોર્સ કરતા, પછી ઘરે આવીને અમને કોર્સ કરાવતા. માતાજી-પિતાજી, ડો. જયંતભાઈ, તેમના પત્ની ચંપાબેન અને સરભોણ હેલ્થ સેન્ટરના નર્સ હંસાબેન - આ પાંચની ટીમ બની ગઈ. પિતાજીને એક જ ધૂન લાગી ગઈ કે આ જ સત્ય જ્ઞાન છે અને આ જ્ઞાન બધાને આપવું છે.

મારી મેટ્રિકની પરીક્ષા પછી વેકેશનની રજાઓ હતી. સન 1965 થી હિન્દી 'જ્ઞાનામૃત' માસિક પત્રિકાનું પ્રકાશન શરૂ થયું હતું. મેં 1965 થી 1969 સુધીના તમામ જ્ઞાનામૃત મેગેઝિન ઉનાળાની રજાઓમાં એક મહિનામાં વાંચી નાખ્યા. મને જ્ઞાનામૃત વાંચીને જ્ઞાનની સંપૂર્ણ સ્પષ્ટતા થઈ ગઈ, મેં અનુભવ્યું કે આ જ સત્ય જ્ઞાન છે અને મારી શોધ પૂર્ણ થઈ. મને સાંસારિક જીવનમાં કોઈ આકર્ષણ નહોતું, મારી કંઈક અલગ કરવાની ઈચ્છા હતી, પણ મને લક્ષ્ય સ્પષ્ટ નહોતું થતું કે આગળ હું શું કરૂં? જ્ઞાનામૃત વાંચીને મને જીવનનું લક્ષ્ય સ્પષ્ટ થઈ ગયું. હું બોર્ડની પરીક્ષા આપીને સુરત જતી રહી અને સેન્ટર પર રહેવા લાગી. ત્યારબાદ દસમાનું રિઝલ્ટ આવ્યું, હું S.S.C. બોર્ડની પરીક્ષામાં દક્ષિણ ગુજરાતમાં પ્રથમ નંબરે આવી હતી. સાથે જ હું સમગ્ર

ગુજરાતમાં સંસ્કૃતમાં પણ પ્રથમ આવી. પરીક્ષાનું આટલું સારું પરિણામ ભલે આવ્યું પરંતુ હું તો એક પરમાત્માની લગનમાં મગ્ન થઈ ચૂકી હતી. તેથી ભવિષ્યના ભણતરના વિચારોનો એક ઝાટકે ત્યાગ કરી, દ્રઢ સંકલ્પ સાથે વિશ્વ સેવામાં જોડાઈ ગઈ.

સન 1970માં પરિવાર સાથે મેં અવ્યક્ત બાપદાદા સાથે મિલનનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. વડોદરા સેવાકેન્દ્રના આદરણીય છુગ્ગીદાદી (જેમનું અવ્યક્ત નામ આત્મચંદ્રાદાદી હતું) પંડા બની અમને મધુબન લઈ ગયા. દાદીઓ પાંડવ ભવનના આંગણમાં અમારી આતુરતાથી રાહ જોઈ રહી હતી, કારણ કે પિતાજી સરકારી અધિકારી હતા અને તેમને સેવામાં ઘણી લગન હતી, તેમણે જ્ઞાનામૃતના એકવીસ્સો સભ્યો બનાવ્યા હતા. જેના કારણે સમગ્ર યજ્ઞમાં કુતૂહલ હતું કે આવા સેવાભાવી ભાઈ કોણ છે! દાદીઓએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું. ' સ્વયં ભગવાનને મળવાનો તે મારો પ્રથમ અનુભવ હતો. સભામાં સો-દોઢસો ભાઈ-બહેનો હતા. હું બાબાની સન્મુખ બેઠી હતી - તે અવ્યક્ત મિલન, તે રૂહાની દ્રષ્ટિ. તે રૂહાની પ્રેમ. હું તો બાબાને જ જોતી રહી. બાબાએ પૂછ્યું, 'બચ્ચી, કયા પરિવારની છો?' મેં કહ્યું, 'બાબા, હું આ જ પરિવારની છું.' બાબા બોલ્યા, 'બચ્ચી, ઈશ્વરીય સેવામાં સમર્પિત થવાની છે, એટલે કહી રહી છે કે આ પરિવારની છે.' બાબાએ જે કહ્યું તે મેં સ્વીકારી લીધું. મેં નિશ્ચયપૂર્વક સમર્પિત થવાનો નિર્ણય લઈ લીધો. હું પ્રકાશમણીદાદીને મળી, દાદીજી બોલ્યા, 'શું તું જ્ઞાનમાં ચાલી શકીશ? હું જોઈશ કે માટલામાં પાણી ક્યાં સુધી શીતળ રહે છે.' દાદીજીની વાત મારા દિલમાં છપાઈ ગઈ, મારે દાદીજી જેવું જીવન બનાવવું છે, બાબાનું સત્ય જ્ઞાન અને બાબાની સેવા એ જ મારા જીવનનો ઉદ્દેશ્ય બની ગયો. મારી સેવા યાત્રાનો પ્રારંભ સુરતથી થયો. આદરણીય લતાદીદીએ સુરતથી રાજપીપળા અને ભરૂચ સેવાકેન્દ્ર ખોલ્યા, મને સેવાર્થ ભરૂચ મોકલી. હું એક વર્ષ સુરત અને દોઢ વર્ષ ભરૂચમાં રહી. હું ભરૂચથી પાર્ટી લઈને મધુબન ગઈ અને પ્રકાશમણીદાદીને મળી. તે સમયે ગુજરાત સેવામાં નિમિત્ત હસમુખભાઈ દાદીજી પાસે બેઠા હતા. દાદીજીએ હસમુખભાઈને કહ્યું, ' લો, તમારા હેલ્પિંગ હેન્ડ આવી ગયા.' તે સમયે ગુજરાતી જ્ઞાનામૃતનું પ્રકાશન શરૂ થયું હતું અને ગુજરાતી ભાષા પર પકડ ધરાવતા બહેનની જરૂર હતી. મારી ગુજરાતી ભાષા પર સારી પકડ હતી અને ગુજરાતીમાં સારા-સારા લેખો લખતી હતી. ત્યારે ગુજરાત ઝોનનું મુખ્યાલય અમદાવાદમાં પાલડીથી મણિનગર શિફ્ટ થયું હતું, જ્યાં ગુજરાતી સાહિત્ય પ્રિન્ટ થતું હતું. દાદીજી બોલ્યા, 'પાર્ટી અહીં રિફ્રેશ થશે, તમારે અમદાવાદ જવાનું છે.' દાદીજીની આજ્ઞા માથે ચઢાવીને હું અમદાવાદ આવી ગઈ.'

સરલાદીદી સાથે અમદાવાદમાં ગીતાદીદીએ ત્રણ વર્ષ સેવા કરી. મોટા સંમેલનો અને મીટિંગોમાં જવાનું તથા મેળાઓનું આયોજન કરી તેમાં યોગ શિબિર કરાવવાનું સૌભાગ્ય દીદીને મળ્યું, તે ત્રણ વર્ષ તેમની આધ્યાત્મિક ઉન્નતિના હતા. ભારતનાં દરેક રાજ્યોમાં શિબિરો કરાવવાની દીદીને સુવર્ણ તક મળી. આ રીતે 21-22 વર્ષ ગુજરાતમાં સેવા કર્યા બાદ દીદીજી 1993માં મધુબન ગયા. ત્યાં તેમને પાંડવ ભવનમાં શીલુદીદી અને શશીદીદી સાથે એક વર્ષ શિબિરો કરાવવાનો મોકો મળ્યો. દાદીજી, મોહિનીદીદી અને મુન્નીદીદી સાથે દીદીનો સ્નેહયુક્ત સંબંધ અને સંપર્ક રહ્યો. જાન્યુઆરી 1995માં જ્ઞાન સરોવરનું ઉદ્ઘાટન થયું ત્યારે ત્યાં જઈને ગીતાદીદીએ સતત 16 વર્ષ જ્ઞાન સરોવરમાં સેવા કરી. ત્યારબાદ દીદી બેહદ

શાંતિવનમાં અંતિમ શ્વાસ સુધી અથક સેવાઓ કરતા રહ્યા. દાદી રતનમોહિનીજીના સાનિધ્યમાં દીદીજીને કન્યાઓની ટીચર્સ ટ્રેનિંગ માટે નિમિત્ત બનાવવામાં આવ્યા. સાથે જ બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રી વિંગના હેડક્વાર્ટર કો-ઓર્ડિનેટર તરીકે પણ દીદીજીએ સેવાઓ આપી.

શાંતિવનના રાજસિંગભાઈ ગીતાદીદીની વિશેષતાઓ જણાવતા કહે છે કે, 'ગીતા દીદીએ ઘણી બહેનોનું જીવન બનાવ્યું, દીદી ક્યારેય કોઈ દેખાડો કરતા નહીં, સૌની પ્રત્યે સમાન દ્રષ્ટિ રાખતા અને અમે તેમનામાં સદા સાક્ષી ભાવ જોયો. ગીતામાં કહેવામાં આવ્યું છે કે 'સુખ-દુ:ખ, હાનિ-લાભ, હાર-જીત અને નિંદા-સ્તુતિમાં સમાન રહેનાર જ સાચો યોગી છે' - આ ગીતા જ્ઞાનના મર્મને દીદીજીએ જીવનનો ધર્મ બનાવ્યો હતો. દીદી ઈકોનોમીના અવતાર હતા. તેઓ શ્રીમત અને નિયમ પ્રમાણે જ સુખ આપતા, તેઓ કહેતા કે મર્યાદા તોડીને જો કોઈ કાર્ય કરીએ તો તેનો બોજ આપણા પર જ ચઢે છે. નિયમોમાં પાક્કા હોવાને કારણે ઘણા વિઘ્નો પણ આવ્યા, પરંતુ વિઘ્ન નાખનારાઓ પ્રત્યે દીદીએ ક્યારેય બદલાની ભાવના ન રાખતા હંમેશા શુભભાવના જ રાખી. દીદીના જીવનમાં સંઘર્ષ આવ્યો, પણ તેમણે ક્યારેય સિદ્ધાંતો ન છોડ્યા. કોઈ પણ નિયમ હોય, દીદી પહેલા તે પોતાના પર લાગુ કરતા. અમે ક્યારેક અમદાવાદ જતા, પ્રવાસ દરમિયાન જો તેઓ પાણીની બોટલ લેતા, તો તેનું કાયદેસર વાઉચર બનાવતા, તેઓ ફળ પણ ખરીદીને ખાતા નહીં, યજ્ઞમાંથી જે મળતું તે જ ખાતા. જ્યારે દીદીની તબિયત સારી ન રહેતી ત્યારે રાજસિંગ ભાઈ કહેતા, "દીદી, તમે આટલી સેવા કેમ કરો છો?" ત્યારે દીદી કહેતા, "મારું શરીર આમ પણ નબળું પડતું જાય છે, શરીર કંઈ અમર તો છે નહીં, તો જેટલો સમય શરીર ચાલે એટલી સેવા કેમ ન કરી લઈએ?"

અંતિમ છ મહિનામાં દીદી કર્માતીત સ્થિતિને પ્રાપ્ત કરી ચૂક્યા હતા. દીદીને એકવાર મેં પૂછ્યું 'દીદી સૌથી શ્રેષ્ઠ મૃત્યુ કયુ હોય છે?' તો તેમણે કહ્યું, 'બેઠાં-બેઠાં શરીર છૂટવું.' દીદીજીએ 8 માર્ચ 2026 મંગળવારના રોજ બાપદાદા સાથે અવ્યક્ત મિલન મનાવ્યું, 9 માર્ચના રોજ અમૃતવેલે યોગ પણ કર્યો અને અમૃતવેલા પછી રૂમમાં સોફા પર બેઠા હતા. તેમના સેવાસાથી અમિતાબેને કહ્યું, 'થોડો આરામ કરી લો', તો ગીતા દીદીજીએ કહ્યું, 'અત્યારે હું બેઠી છું.' બહેન તૈયાર થઈને આવ્યા ત્યારે જોયું કે ગીતાદીદી સૂતા છે, અમિતાબેને કહ્યું, 'દીદી ઉઠો' પણ દીદીમાં કોઈ હલચલ નહોતી, અમે હોસ્પિટલ લઈ ગયા. દીદીનો સંકલ્પ હતો કે મારા પર કોઈ ખર્ચ ન થાય મને કોઈ મોટા શહેરમાં ન લઈ જતા. બાબાની મહેરબાની દીદી પર હતી, તેમનો દરેક સંકલ્પ બાબાએ પૂરો કર્યો.

જ્ઞાન સરોવરના પ્રારંભથી ગીતાદીદી ચંદ્રમણીદાદીની સાથે રહીને આંતરિક વહીવટ સંભાળતા રહ્યા. સાથે જ દીદી ગુલઝારદાદીને પોતાના રોલ મોડલ માનતા હતા, તેથી ગીતા-દીદીનો ચંદ્રમણીદાદી અને ગુલઝારદાદીના સ્મૃતિ દિવસ સાથે સંયોગ કહો કે પ્રભુ પ્રીતમ સાથેનો યોગ, ગીતા દીદીએ પણ અવ્યક્ત આરોહણ માટે ચંદ્રમણીદાદી અને ગુલઝારદાદીના સ્મૃતિ દિવસ 11 માર્ચનો શુભદિવસ જ પસંદ કર્યો! આત્મારૂપી પંખી 11 માર્ચ 2026ના રોજ અમૃતવેલે સવારે 2 વાગ્યે દેહના પાંજરામાંથી અવ્યક્ત લોકમાં ઉડી ગયું... દીદીને અમારી ભાવભીની શ્રદ્ધાંજલિ...

**॥ ઓમ શાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજય પોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

# મધુવનવાસી ગીતાદીદીને સ્મરણાંજલી

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી





11મી માર્ચ આદરણીય ગુલઝાર દાદીજીના નિર્વાણ દિને તેમને શ્રદ્ધાંસુમન અર્પણ થતાં હતા, ત્યારે શાંતિવનથી સમાચાર મળ્યા કે આજે અમૃતવેળા બે વાગ્યે ગીતાદીદી, પાર્થિવ દેહ છોડી બાપદાદાની ગોદમાં સમાઈ ગયા. જેમ અવ્યક્ત બાપદાદા મિલન અવતરણ સમયે બાપદાદાના મુખારવિંદ પર જેમ સ્મિત ખીલેલું હોય તેમ ગીતાદીદીના ચહેરા પર પણ સદા સ્મિત પથરાયેલું જ હોય. મનન ચિંતન સાથે ક્લાસ કરાવવાની એક આગવી વિશેષતા બાબાએ ગીતાદીદીને ભેંટ સ્વરૂપે આપી હતી. આવી વિશેષતાઓથી સભર ગીતાદીદી સાથે સંગમયુગમાં સેવા કરવા સથવારો સાંપડ્યો ભાવનગરમાં 16 એપ્રિલ 1979ના રોજ. ભાવનગર આવતા સમયે જૂનાગઢના દમયંતી દીદીજીએ કહ્યું, 'જાઓ ભાઈ, ગીતાદીદીને સેવામાં તમારા સહયોગની જરૂર છે.' સેવામાં ગયો ત્યારે અનુભવ્યું કે સદા ઉમંગ ઉત્સાહથી સેવામાં તત્પર સેવાઓ માટે યોગ્ય માર્ગદર્શક મને મળી ગયા. મૃત્યુ પ્રવચન હોય કે સત્ય નારાયણની કથા હોય, રાજયોગ શિબિર હોય કે કોઈ ઉદ્ઘાટન પ્રસંગની સેવા હોય, પણ તે સેવાઓ અંગે સૌ સાથીઓને ત્યાંનું વિગતવાર આયોજન અગાઉથી જ કરી આપે. શોભાયાત્રામાં તો 'શિવસંદેશ પબ્લીસીટી'ની ફરજ મને સોંપી દેતા હતા. કાર્યક્રમ સ્થાનિક હોય કે બહારગામ ગીતાબેને ઈશ્વરીય સેવાઓની અઢળક તકો મને આપી.

એક વખત શિવરાત્રી પર્વ સમગ્ર ભાવનગર શહેરમાં ધામધૂમથી ઉજવવા માટે દીદીએ એક સાથે અલગ અલગ 27 જગ્યાએ શિવસંદેશ પ્રદર્શન ગોઠવ્યું. દીદીએ સંદેશ આપવા માટે એક કોમન કેસેટ તૈયાર કરાવી જે એક સાથે 27 જગ્યાએ શિવસંદેશનો અવાજ ગુંજે. ત્યાર બાદ દીદી 27 સ્થાનો ઉપર કેસેટ દ્વારા કેવી સેવા ચાલે છે તે નિહાળવા સ્વયં નીકળ્યા. આ નવીનતાભરી સેવાએ સમગ્ર ભાવનગરમાં ધૂમ મચાવી દીધી. બધાં ગીતાદીદીને પ્રશંસાના પુષ્પોથી વધાવતા હતા કે,'વાહ દીદી વાહ!'

એક વખત અમરેલી જીલ્લાના લાઠી ગામે 'પટેલ વાસણ ભંડાર'ના ઉદ્ઘાટન પ્રસંગે જવાનું થયું. આ પ્રસંગે હાજર લોકોમાં મોટાભાગના પટેલ હતા. સંબોધન કરતાં મેં કહ્યું, 'પટેલ વાસણ ભંડારના ઉદ્ઘાટન પ્રસંગે પધારેલા સૌનું હાર્દિક સ્વાગત. શું આપ જાણો છો કે 'પટેલ' શબ્દનો આધ્યાત્મિક અર્થ શું થાય છે? લોકોએ જવાબમાં નકારમાં માથું હલાવ્યું. ત્યારે સભાને જણાવ્યું કે,

'જુઓ, અગાઉના જમાનામાં ટેલીયા આવતા અને ટેલ નાખતા. ત્યારે લોકો ભેગા થઈ તેની ટેલ પૂરી કરે એટલે એ જતો રહે. તેવી રીતે ઉપરવાળા (પરમાત્મા)એ ધરતી ઉપર પ (પાંચ) વસ્તુ ટેલ નાંખી છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને અભિમાન. ગુજરાતીમાં પ (પાંચ) અને બારખડીનો મૂળાક્ષર 'પ' બંને સરખા છે. ઉપરવાળાની પાંચ ટેલ જે પૂરી કરે એ સાચા પટેલ કહેવાય. ઈશ્વરની દ્રષ્ટિએ આ સાચા પટેલને બ્રાહ્મણ કહે છે. બ્ર.કુ. ગીતાદીદીની લૌકિક જ્ઞાતિ પટેલ છે.

પણ પટેલ વાસણ ભંડારના શુભારંભે સભાના પટેલોને જોતાં જ આ વાત રજૂ કરેલ હતી. આને ઈશ્વરીય પ્રેરણા પણ કહી શકાય અને અનાયાસે દીદીજીની મહિમા થઈ ગઈ અને આ અલૌકિક બ્રાહ્મણ દ્વારા 'પટેલ વાસણ ભંડાર'નું ઉદ્ઘાટન થયું.

1983માં ગાંધીનગર સેવકેન્દ્રથી સત્ય-નારાયણની કથા કરવાનું દીદીને આમંત્રણ આવ્યું. આ પ્રસંગે મેં જાહેરાત કરતાં કીધું કે, 'કથામાં ચોખા લાવવાની જરૂર નથી. હા પણ કથામાં જરૂર ચોખ્ખા મન સાથે આવવાનું છે. અત્યાર સુધી જે સત્યનારાયણની કથા કહેવાતી હતી તેમાં સત્યનારાયણનું વ્રત કરનારાઓની જ કથા કહેવાતી હતી. આજે સત્યનારાયણની સાચી કથા બ્રહ્માકુમારી દીદીજી કહેશે. કથામાં પાંચ યુગની કથા હશે. એક યુગ એટલે એક અધ્યાય. યુગ પૂરો થાય એટલે સમજવું કે એક અધ્યાય પૂરો થયો. તેનો ડંકો વાગશે નહીં અને છેલ્લે સૌને કથાનો મહાપ્રસાદ મળશે. સાથે સાથે ઈશ્વરની અલૌકિક કૃપા અને પ્રભુપ્રસાદ પણ મળશે. ત્યારે સૌને કીધું કે ગીતાબેનની વાણી બધા ધ્યાનથી જરૂર સાંભળશો. ત્યારે એવું લાગશે કે જાણે સાક્ષાત ગીતાજીની વાણી આપણે સાંભળી રહ્યાં છીએ. અને લોકો ગીતાબેનને સાંભળવા આતુર બની જતા.

મૃત્યુ પ્રસંગે ગીતાબેન લોકોને ગયેલી આત્માને શાંતિનું દાન કેવી રીતે કરાય? એ વાત અદ્‌ભુત રીતે સમજાવતા તે સાંભળી શ્રોતા ભાવાવિભોર બની જતા. આ પ્રસંગે ખાસ આ ગીત સંભળાવતા, રંગાઈ જાને રાજયોગમાં, શિવજી કેરા સત્સંગમાં... બ્રહ્મા કેરા તું રંગમાં, રંગાઈ જા રાજયોગમાં...ત્યારબાદ ગીતાદીદી આ ગીતની સમજૂતી એવી સરસ રીતે આપતા કે ત્યાં સાથે સાથે રાજયોગ શિબિર ગોઠવાઈ જતી.

ગીતાદીદીજીને જ્યારે મધુવન જવાનું થાય ત્યારે સેંટર સંભાળવાની જવાબદારી જુદા જુદા ભાઈ બહેનોને આપતા. માતાઓને સ્ટેજ સેક્રેટરીની ટ્રેનીંગ આપતા. અને જો વચ્ચે કંઈ તકલીફ પડે તો ભાઈઓ સંભાળી લે તેમ સૂચના આપતા. ગીતા પાઠશાળામાં ક્લાસ કરાવવાની સેવા આપતા.

દીદીને સેંટરના ભાઈ-બહેનોમાં ઉમંગ વધારવાની કોઠાસૂઝ હતી. જેનાથી સંગઠનની શક્તિની સુવાસ પ્રસરેલી રહેતી.

સેંટરમાં વિવિધ તહેવારની અધ્યાત્મપૂર્ણ ઉજવણી કરાવતા. દીદીની સેવા બેમિસાલ હતી. મધુવનનો તેમનો ક્લાસ સાંભળતા સૌ કોઈ અવાક થઈ જતા. કેમકે તેમનો ક્લાસ વિષયને અનુસરતો અનુભવયુક્ત હોય. જેમ બાબાની મુરલી સૌ એકાગ્રચિત્તે સાંભળી મંત્રમુગ્ધ બની જતા એમ દીદીને સાંભળી સૌ મંત્રમુગ્ધ બની જતા. આવા હતા સૌના લોકલાડીલા આપણા ગીતાદીદી. આ પ્રેરણામૂર્તિને જોતાં બાબા યાદ આવી જાય. તેથી બોલી જવાય કે, 'વાહ દીદીજી વાહ...' જીસકી રચના ઈતની સુંદર, વો કિતના સુંદર હોગા...?

**॥ ઓમ શાંતિ ॥**

## વિનમ્રતા, સમર્પણ અને આત્મવિજયની આધ્યાત્મિક યાત્રા

# વામન અવતાર

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

વહાલા વાચકો,

આપણે સૌ જાણીએ છીએ કે સૃષ્ટિના કલ્યાણ માટે પરમપિતા શિવ પરમાત્મા ત્રણ મુખ્ય કાર્ય કરાવે છે - સ્થાપના, પાલના અને વિનાશ. આ કાર્ય માટે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનું ગાયન થાય છે. પરંતુ આ ત્રિમૂર્તિનો અર્થ માત્ર દેવતાઓની કથા નથી; તે માનવ આત્માની આધ્યાત્મિક પ્રગતિના ત્રણ તબક્કાઓનું પણ પ્રતિક છે. કલ્પ ના અંતે સંગમયુગમાં પરમાત્મા સાધકને એક સાથે ત્રણ કર્તવ્ય કરતા શીખવેછે. સત્ય ધર્મની સ્થાપના, અધર્મનો વિનાશ અને સદગુણો, દિવ્ય શક્તિઓ, દિવ્ય સંસ્કારોની પાલના, જેથી સતયુગની પુનઃસ્થાપના થાય.

તેથી જ વર્તમાન સંગમયુગને આધ્યાત્મિક દ્રષ્ટિએ અત્યંત પવિત્ર અને શ્રેષ્ઠ સમય માનવામાં આવે છે. આપણે સૌ અનુભવી છીએ કે આ સમયમાં પરમપિતા શિવ સ્વયં અવતરિત થઈ પિતાશ્રી બ્રહ્માની ભૂમિકા દ્વારા તેમણે વિશ્વ પરિવર્તનનું પવિત્ર કાર્ય શરૂ કર્યું. માટે **દેહ પુરુષનો હોવા છતાં તેઓ 'બેહદની મા (બ્રહ્મા)' તરીકે ઓળખાયા, કારણ કે તેઓએ સમગ્ર માનવ-જાતને માતૃત્વના પ્રેમથી આધ્યાત્મિક માર્ગ પર આગળ વધારવાનો શ્રેષ્ઠ માર્ગ ચીંધ્યો.**

પરમાત્મા શિવ પિતાએ માનવજીવન માટે એક ઉન્નત લક્ષ્ય આપ્યું - **'વિષય-વિકારો ઉપર અણુ માત્ર (અતિ સૂક્ષ્મ) વિજય પ્રાપ્ત કરી વિષ્ણુ પદને પ્રાપ્ત કરો અને અનેક જન્મ સુધી વિશ્વના માલિક બની રાજ્ય કરો.'**

જો આ મહાવાક્યને ઊંડાણથી સમજવાનો પ્રયત્ન કરીએ તો સ્પષ્ટ થાય છે કે વિષ્ણુ કોઈ એક વ્યક્તિ નથી, પરંતુ મનુષ્યના સર્વોત્તમ અને દિવ્ય ચરિત્રનું પ્રતિક છે. એવું ચરિત્ર જે સર્વગુણ સંપન્ન, સોળ કલા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મ થી પરિપૂર્ણ હોય. અર્થાત્ મનુષ્યથી દેવત્વ સુધીની આ યાત્રા એક આંતરિક પરિવર્તનની પ્રક્રિયા છે. જ્યારે આત્મા જ્ઞાન, યોગ અને પવિત્રતાની શક્તિથી પોતાના દોષો ઉપર વિજય પ્રાપ્ત કરે છે ત્યારે તે ધીમે ધીમે દિવ્ય ચરિત્રને ધારણ કરે છે.

આ જ પ્રક્રિયાને સમજાવવા માટે ભારતીય શાસ્ત્રોમાં દશાવતારનું વર્ણન કરવામાં આવ્યું છે. આ દશ અવતારોમાં માનવ આત્માની વિવિધ અવસ્થાઓનું સુંદર પ્રતિકાત્મક દર્શન થાય છે. કોઈ અવતાર (મત્સ્ય અવતાર) આત્મ જાગૃતિનું પ્રતિક છે, તો કોઈ (કુર્મ અવતાર) વિચાર સાગર મંથન દ્વારા આંતરિક ગુણ અને શક્તિઓને પ્રગટ કરવાની પ્રક્રિયાને દર્શાવે છે. **કોઈ અવતાર (વરાહ અવતાર) પવિત્રતાની શક્તિથી વિશ્વને અંધકારમાંથી બહાર લાવવાની સેવા બતાવે છે, તો કોઈ (નરસિંહ અવતાર) નિરંતર યોગ દ્વારા પરમાનંદની અવસ્થા પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે.** આ રીતે જોવામાં આવે તો દરેક અવતાર માનવ આત્માની પ્રગતિના માર્ગ પર એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે. આ આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી જોતા એક ખૂબ જ રસપ્રદ અને ગૂઢ અર્થ ધરાવતો પાંચમો અવતાર છે – વામન અવતાર.

પરમપિતા શિવ પરમાત્મા મુરલીઓમાં પણ આ અવતારનો ઉલ્લેખ કરતા કહે છે, **'બચ્ચોં, તીન પૈર પૃથ્વી કા ભી ગાયન હૈ.'** આ વાક્ય પાછળ પણ ઊંડો આધ્યાત્મિક સંદેશ છુપાયેલો છે.

### વામન અવતારની પ્રચલિત ગાથા

પૌરાણિક કથાઓ અનુસાર એક સમય એવો આવ્યો કે અસુરોના મહાન અને પરાક્રમી રાજા બલીએ પોતાના શૌર્ય અને પરાક્રમથી ત્રણેય લોક પર અધિકાર સ્થાપિત કર્યો. રાજા બલી દાનવીર અને વચનબધ્ધ હતા, પરંતુ તેમની શક્તિના પ્રભાવથી દેવતાઓને પોતાનું સ્થાન ગુમાવવું પડ્યું. દેવતાઓએ ધર્મની પુન:સ્થાપના માટે ભગવાન વિષ્ણુને પ્રાર્થના કરી. ત્યારે વિષ્ણુએ ઋષિ કશ્યપ અને માતા અદિતિના ઘરે નાનકડા બ્રાહ્મણ બાલક તરીકે જન્મ લીધો. આ જ બાલક પછી વામન અવતાર તરીકે પ્રસિદ્ધ થયો.એક દિવસ રાજા બલી વિશાળ યજ્ઞ કરી રહ્યા હતા. યજ્ઞ દરમિયાન તેમણે પ્રતિજ્ઞા લીધી હતી કે જે કોઈ યાચક તેમની પાસે દાન માંગવા આવશે, તેને ખાલીહાથે પાછો નહીં મોકલે. એ જ સમયે નાનકડા વામન બ્રાહ્મણ ત્યાં પહોંચ્યા. તેમના સરળ અને નિર્દોષ સ્વરૂપે સૌનું ધ્યાન ખેંચ્યું. રાજા બલીએ તેમને સન્માનપૂર્વક પૂછ્યું – **'બ્રાહ્મણ દેવ, તમને શું જોઈએ છે?'** વામને નમ્રતાથી ઉત્તર આપ્યો - **'મહારાજ, મને વધારે કંઈ નહીં જોઈએ. માત્ર ત્રણ પગલાં જેટલી જમીન આપશો તો પૂરતું છે.'** રાજા બલીને આ માંગણી ખૂબ નાની લાગી. તેમણે હર્ષથી આ માંગણી સ્વીકારી લીધી. પરંતુ જેવું વચન આપવામાં આવ્યું, વામને અચાનક વિરાટ ત્રિવિક્રમ સ્વરૂપ ધારણ કર્યું. પ્રથમ પગલામાં તેમણે સમગ્ર પૃથ્વી આવરી લીધી. બીજા પગલામાં સ્વર્ગલોક માપી લીધો. હવે ત્રીજા પગલાં માટે કોઈ જગ્યા બાકી ન રહી. ત્યારે રાજા બલીએ વિનમ્રતાથી પોતાનું માથું આગળ ધરી દીધું અને કહ્યું – **'પ્રભુ, ત્રીજું પગલું મારા માથા પર મૂકો.'** વામને ત્રીજું પગલું તેમના માથા પર મૂક્યું અને રાજા બલીને પાતાળ લોકનો અધિકારી બનાવ્યો. આ રીતે ધર્મની પુન:સ્થાપના થઈ.

### વાર્તાના પાત્રોનો આધ્યાત્મિક સંદેશ

આ કથા બહારથી જોતા સરળ લાગે છે, પરંતુ તેની અંદર ઊંડો આધ્યાત્મિક અર્થ છુપાયેલો છે. **આ વાર્તાના ચાર મુખ્ય પાત્રો – કશ્યપ, અદિતિ, રાજા બલી અને વામન – દરેક માનવ આત્માની આંતરિક સ્થિતિનું પ્રતિક છે.** કશ્યપનો અર્થ થાય છે સ્થિર અને જ્ઞાનમય બુદ્ધિ. તપશ્ચર્યા, સંયમ અને જ્ઞાનથી શુદ્ધ થયેલું ચેતન. અદિતિનો અર્થ થાય છે – બેહદ, એટલે કે સીમા વિનાનું પવિત્ર હૃદય. એવી અવસ્થા જ્યાંથી સદગુણો અને પવિત્ર સંસ્કારોનો જન્મ થાય છે. **જ્યારે જ્ઞાનમય બુદ્ધિ (કશ્યપ) અને પવિત્ર હૃદય (અદિતિ)નું મિલન થાય છે, ત્યારે મનુષ્ય-જીવનમાં એક નવી દિવ્ય ચેતનાનો જન્મ થાય છે. આ દિવ્ય ચેતનાનું પ્રતિક છે વામન અવતાર.** બલી શબ્દનો અર્થ થાય છે – સમર્પણ. પરંતુ આ સમર્પણ સુધી પહોંચવાની પ્રક્રિયા સહેલી નથી. સાધક જ્યારે આધ્યાત્મિક માર્ગ પર આગળ વધે છે ત્યારે તેને ઘણા પ્રકારના અનુભવો થાય છે. સાધનાના પ્રભાવથી જીવનમાં સુખ, સમૃદ્ધિ અને વૈભવ આવવા લાગે છે. લોકોમાં માન-સન્માન પણ વધે છે. પરંતુ આ સાથે સાથે માયાની સૂક્ષ્મ પરીક્ષાઓ પણ શરૂ થાય છે. નામ, માન, શાન, વૈભવ અને સુખ-સાધનોના આકર્ષણમાં ક્યારેક મનુષ્ય સૂક્ષ્મ અભિમાનમાં ફસાઈ જાય છે. આથી જ ભગવાન કહે છે **– 'મહાવીર કે સાથ માયા ભી મહાવીર બન કરકે લડતી હૈ.' અર્થાત્ જે જેટલો મહાન પુરુષાર્થ કરે છે, તેના માટે માયાની**

**પરીક્ષાઓ પણ એટલી જ સૂક્ષ્મ અને શક્તિ-શાળી બની જાય છે.**

## વામન અવતારનો મૂળ સંદેશ

વામન અવતાર આપણને એક અત્યંત મહત્વનો સંદેશ આપે છે–વિનમ્રતા દ્વારા અહંકાર પર વિજય. દિવ્ય શક્તિ હંમેશા વિશાળ દેખાવમાં જ હોય એવું નથી. ઘણી વખત સાચી શક્તિ સાદગી, નમ્રતા અને જ્ઞાનમાં વસે છે. **આ જ કારણ છે કે પિતાશ્રી બ્રહ્માએ જીવનભર એક સરળ પરંતુ ગૂઢ સૂત્ર આપ્યું, 'સિમ્પલ બટ સેમ્પલ.** જ્ઞાન, યોગ અને પવિત્રતાની ઊંચી અવસ્થા પ્રાપ્ત હોવા છતાં તેઓ હંમેશા વામન સમાન વિનમ્ર રહ્યા. જીવનમાં અનેક સુખ-સાધનો હોવા છતાં તેમણે તપસ્વી જીવન અપનાવ્યું. નાનકડા ઓરડામાં રહીને તપશ્ચર્યા કરી અને હંમેશા નિર્માણચિત્તતા જાળવી રાખી. દાદીઓના મુખારવિંદથી આપણે સાંભળતા આવ્યા છીએ કે બ્રહ્માબાબા તો પુષ્પને પણ સ્વીકારતા ન હતા. આટલી ઊંચી આધ્યાત્મિક એથોરીટી હોવા છતાં તેઓએ ક્યારેય અભિમાનને સ્થાન આપ્યું નથી. આથી જ તેઓ અંતિમ સમયમાં બાળકોને ત્રણ અમૂલ્ય શબ્દો આપીને ચેતવી ગયા - નિરાકારી, નિર્વિકારી અને નિરહંકારી બનો.

## ત્રણ પગલાંનું આધ્યાત્મિક રહસ્ય

વામન અવતારની વાર્તામાં ત્રણ પગલાંનો વિશેષ ઉલ્લેખ થાય છે. આ પગલાં પણ સાધકની આધ્યાત્મિક યાત્રાના તબક્કાઓનું પ્રતિક છે.

**પ્રથમ પગલું –** પૃથ્વીને માપવી અર્થાત્ આત્મજાગૃતિ દ્વારા પ્રકૃતિ પર અધિકાર. **બીજું પગલું –** સ્વર્ગ અર્થાત્ ગુણ અને શક્તિઓની ધારણા દ્વારા વ્યક્તિ-વૈભવ-વસ્તુના આકર્ષણથી પાર અનાસક્ત વૃત્તિ. **ત્રીજું પગલું –** બલીનું માથું એટલે કે સંપૂર્ણ સમર્પણ - અહંકારનો અંત. ઘણા સાધકો માટે પ્રથમ બે પગલાં ભરવા સહેજ થઈ જાય છે. પરંતુ ત્રીજું પગલું ભરવું સૌથી કઠિન છે. કારણ કે ત્રીજું પગલું એટલે પોતાના અંદરના સૂક્ષ્મ અભિમાનનો સંપૂર્ણ ત્યાગ.

જ્યારે સાધક સંપૂર્ણ રીતે સમર્પિત થઈ જાય છે અને પોતાના અહંકારને પાતાળમાં પહોંચાડી દે છે, ત્યારે જ તે સાચા અર્થમાં પૂર્ણ અવસ્થા પ્રાપ્ત કરી શકે છે. **વામન અવતાર આપણને યાદ અપાવે છે કે આત્મિક જીવનમાં સાચી મહાનતા શક્તિમાં નહીં, પરંતુ વિનમ્રતા અને સમર્પણમાં વસે છે. જ્યારે મનુષ્ય પોતાના અહંકારને ત્યાગી નિર્માણચિત્ત બની જાય છે, ત્યારે જ તેના જીવનમાં દિવ્યતા પ્રગટ થાય છે.** અર્થાત્ વામનથી ત્રિવિક્રમ બનવાની યાત્રા એ માનવ આત્માની આંતરિક વિજયયાત્રા છે. આ યાત્રામાં સાધક ધીમે ધીમે અહંકારને જીતે છે, સમર્પણને અપનાવે છે અને અંતે પરમાત્માના દિલતખ્ત-નશીન બનવા લાયક બને છે. એટલે જ વામન અવતારનો મૂળ સંદેશ છે, **'સાચી મહાનતા ઊંચાઈમાં નથી, પરંતુ વિનમ્રતામાં છે.'**

॥ ઓમ શાંતિ ॥

- **વસ્તુ ત્યાગ મારફત મેળવી શકીએ ત્યારે જ એ આપણા અંતરનું યોગ્ય ધન બની શકે છે. જે કાંઈ આપણે આપણા હાથથી ત્યાગી દઈએ તે જ આપણી સાચી સંપત્તિ. તેને પકડી રાખવાની મહેનત કરવી તે દુર્ભાગ્ય છે, જે માનવી જેટલે અંશે સ્વાર્થનો ત્યાગ કરી શકે તે તેટલે જ અંશે તે ચીજ મેળવવા શક્તિમાન બને છે, ત્યાગના પ્રભાવથી નાનામાં નાની ચીજ પણ મોટી બની જાય છે.**

# યજ્ઞ ઈતિહાસમાં બેગરી પાર્ટ અને તેનું મહત્વ

બ્ર.કુ. અનુબેન, રાજુલા

પ્રજાપિતા બ્રહ્માબાબા તેમના સર્વ બ્રહ્માકુમાર - બ્રહ્માકુમારીઓના ગ્રુપને લઈને કરાંચીમાં 17 વર્ષ રહ્યા બાદ 1950-51માં માઉન્ટ આબુ આવ્યા અને દરેક બ્રહ્માવત્સની નિશ્ચયની પરખ અને પરીક્ષાનો પ્રારંભ થયો.

ભ્રાતા રમેશભાઈએ આ વિષયમાં આબુના મેડીટેશન હોલ ખાતે ક્લાસ કરાવ્યો હતો ત્યારે સમજાવ્યું કે બેગરી પાર્ટ એ માત્ર વસ્તુઓ ખાદ્યપદાર્થોના અભાવનો પાર્ટ ન હતો તે આત્માના નિશ્ચયની, આત્મવિશ્વાસની, આત્મચિંતનની, પરિસ્થિતિની પરખની, સંયમની નિર્ણયની ઓળખ માટે હતો. પરિસ્થિતિનું વર્ણન કરતા આગળ બતાવ્યું કે એક વાર ભોલીદાદીજી જેઓ રસોઈઘરના સંચાલક હતાં, બાબાને સંકોચ કરતા કહેવા લાગ્યા, 'બાબા બપોરના ભોજનનું શું થશે?.' બાબા કહેતા, 'હિંમત, નિશ્ચય, ધીરજ રાખો.' 11 વાગ્યાનો સમય, પોસ્ટ આવી, પોસ્ટમાં મની ઓર્ડર આવ્યો અને સમય પ્રમાણે બધાનું ભોજન બની ગયું. રમેશભાઈએ બાબાને પૂછ્યું, 'બાબા બેગરીપાર્ટ નિશ્ચય, સંયમ, બધા ગુણોની પ્રગતિ માટે જ હતો તો, અમારું શું? અમારે તો બેગરી પાર્ટ નથી.' બાબાએ સમજાવ્યું કે 'જો બાપને અનુભવ કિયા વહ બચ્ચો કો અનુભવ હોગા યા તો કરેંગે.' મેં વિચાર્યું, 'બાબાએ ત્રણ વર્ષ, કોઈને એવો જ અનુભવ ત્રણ માસ, કોઈને ત્રણ દિવસ, કોઈને ત્રણ મિનિટ. એ 'ભીડભંજન' બાપ આ સમયના, તે સમયના, અભિનયના માર્ક જમા કરશે. રમેશભાઈએ આગળ જણાવ્યું કે મારે પણ આ અનુભવ થયો. અમેરિકા ગયો હતો. સામાન તો અંદર અપાઈ ગયો, અને હું અમેરિકા ઉતરું એટલે મળે. પરંતુ કોઈક ભૂલથી સામાન બીજી જગ્યાએ જતો રહ્યો. હું અમેરિકાના શહેરમાં ઉતર્યો સામાન આવ્યો નહીં. એરપોર્ટ વાળાએ તપાસ કરી. ખબર પડી ભૂલથી બીજી જગ્યાએ જતો રહ્યો છે. 24 કલાકમાં મંગાવી દેશે તેવી ખાતરી આપી. રમેશભાઈના કપડાં તો બધા ત્યાં છે, કપડા વગર રહેવું કેમ? કેમ કરીને એડજસ્ટ કરવું? કપડાની બેગ વસ્તુઓ આવી ગઈ ત્યારે સમજાયું કે ત્રણ વર્ષ પરિસ્થિતિનો સામનો કર્યો, સહન કર્યું અને એ સમજણ આપણને 30 કલાકમાં સમજાવી. શક્તિ-ગુણ આપ્યા. ભીડભંજન અને દુઃખહર્તા બાપની કમાલ કેવી !

એમાં આપણને પણ અનુભવથી અનુભવી બનાવવાની કુદરતી કલમ બાબાએ આપી છે. યાદ આવ્યું ઈસ. 1977-78માં હું (બ્ર.કુ. અનુબેન) બનાસકાંઠામાં ડીસા નગરમાં રહેવા ગઈ. પાઠશાળામાંથી સેન્ટરની શરૂઆત કરી. હું તથા વાસણા અમદાવાદના બ્ર.કુ. હીરાબેન અમે બે બહેનો ગયા. ખૂબ ગરમીનો સમય, મકાન જુનવાણી, મોટા-મોટા બે રૂમ, એક લાંબી ઓસરી અને આંગણું. આંગણામાં નળ, પાણી, બાથરૂમ બધી જુનવાણી સિસ્ટમની સુવિધા. દિવસ પસાર કર્યો. રાત્રે નવો એરિયા, નવા મકાન, ગરમી ખૂબ. રૂમમાં અંદર સાંકળ દઈને બંને બહેનો સુતા. રાત્રે બહાર ખૂબ જ અવાજ આવે. વાતો થાય. એક નહીં ઘણાનો અવાજ સંભળાય. અમે ના બહાર ગયા, ના જોયું, ન તો જાણવાની કોશિશ કરી અને સૂઈ ગયા. બંનેની ઉંમર બહુ નહીં, 23-24 વર્ષ હશે. અવાજોમાં પણ ઊંઘ આવી ગઈ. ક્લાસ ખૂબ વહેલો, સવારે સાડા પાંચ વાગે બધા આવી જાય.

જલ્દી ઊઠીને સ્નાન કરી તૈયાર થવું પડે. એટલે યોગ ધ્યાન કરી તૈયાર થવા માટે સાંકળ ખોલીને દરવાજો ખોલ્યો. અરે! આ શું? મોટી ઓસરી હતી તેમાં વચ્ચોવચ દિવાલ થઈ ગઈ. ચણતર અને પ્લાસ્ટર પણ બધું થઈ ગયું. ત્યારે સમજાયું - આ દિવાલ રાત્રે બનતી હતી. પણ આશ્ચર્ય વાત એમ કે દિવાલની બીજી બાજુ નળ, બાથરૂમ, સુવિધા દિવાલની પેલી બાજુ. આ બાજુ માત્ર આંગણું - ફળિયુ. હવે નહાવું ક્યાં? પ્રશ્ન મોટો. અમે બંને બેનો ચૂપચાપ બ્રશ કરી મોઢું ધોઈ તૈયાર થઈ ગયા. શું કરીએ બધા ભાઈ બહેનો આવ્યા. આવતા સાથે જોયું, એક એક આવતા જાય, જોતા જાય અને કહ્યું, ક્લાસ પછી બધું કરીએ. ક્લાસ કર્યો અને નજીકના રહેતા એક ભાઈ અમને નાહવા, તૈયાર થવા તેમના ઘરે લઈ ગયા. પણ આમ રોજ થોડું ચાલે? જાનકી દાદી કહેતા વિશ્વકિશોર ભાઉની શું કમાલ ! અમારે બહેનોને શું જોઈએ ઠંડી, ગરમી, વરસાદમાં એમને કેવી રીતે ખબર પડી જતી? વિશ્વકિશોર ભાઉ અમારા ખૂબ સહયોગી બની રહેતા. એમ ડીસામાં પણ એક વિશ્વકિશોર ભાઉ જેવા સહયોગી, સ્નેહી, મદદગાર, સ્કૂલમાં નોકરી કરે. થોડા ગરમ મગજના પણ સહયોગી, સ્નેહી, સહકારી એ ભ્રાતા બાબાના જમાનાના ભાઉ જેવા જ. બપોરે બે વાગ્યે આવ્યા થોડા વાંસ, ખીલી, હથોડી, દોરીઓ લઈને કામ ચાલુ કર્યું. દરવાજા બહાર બાંધેલી દીવાલના ખૂણામાં જ્યાં બે બાજુ દીવાલ મળી રહે ત્યાં વાંસ ખોડીને આડશ કરી. અને એક બારણું કર્યું. બે કલાકમાં લેટરીન બનાવી દીધું, અને પાણી માટે વ્યવસ્થા કરી દીધી. થોડા દિવસો પછી બીજું મકાન લઈ લીધું. ભીડભંજન બાબાએ પોતે ત્રણ વર્ષ સહન કર્યું, સમાવ્યું પોતાના પર અને બાળકોને અનુભવી બનાવવા છત્રછાયા બનીને ઉભા રહ્યા. બાળકોને નિ:સંકલ્પ કર્યા. ભીડભંજન બાપે અનેક અનુભવ કરાવીને અનુભવી બનાવી દીધા.

હું (બ્ર.કુ. અનુબેન) અને બ્ર.કુ. હીરાબેન (વાસણા સેન્ટરના) બંને બહેનોને ઊંઝા શહેરમાં મેળાનો મોટા કાર્યક્રમમાં નિમંત્રણ હતું. બંને બહેનો, ક્લાસના ભાઈ-બહેનો આઠ દસ દિવસ માટે સેવામાં ગયેલા. હમણાં વર્ણન કર્યું તે જ મકાન. તેમાં પાંચ છ માસ રહેલા ત્યારે ઊંઝા કાર્યક્રમમાં જવાનું થયું. જુના જમાનાનો અને નવું નવું સેન્ટર. રસોડામાં નાના-નાના ડબ્બામાં થોડી-થોડી વસ્તુઓ જરૂરત પ્રમાણે હતી. ઊંઝાથી આઠ દિવસે આવ્યા. બંને સ્નાન કરી તૈયાર થયા. જમવાની વ્યવસ્થાનો વિચાર કરતા બ્ર.કુ. હીરાબેનને કહ્યું, 'બેન આપણે થોડા-થોડા દાળ, ચોખા, લોટ વગેરે મૂકીને ગયેલા તે તો કશું જ નથી.' ખ્યાલ આવ્યો રસોડાના દરવાજા પાછળ લાકડાની લાટી અને ત્યાં થોડા મજૂરોના પરિવારો રહે. બનવા જોગ ઉપરથી રસોડાના દરવાજો-સાંકળ ખોલીને, બધી સામગ્રી ખાવાપીવાની લઈ લીધી હોય. અમે બંનેએ કોઈ સંકલ્પ કર્યા વગર વિચાર્યું 'થોડા મમરા વઘારી લઈ ખાઈ લઈશું. પછી સાંજે હજુ હું વાત કરું છું અને સાથે બહેન હીરાબેન થેલી અને પૈસા લઈને જવાનુ વિચારે ત્યાં જ એક માતા આવી અને આશ્ચર્ય અને પ્રેમની લાગણીથી મીઠો ઠપકો આપી રહી હતી. ક્યાં ગયા હતા? હું કેટલી વાર આવી ગઈ. મેં કહ્યું, 'કશું કામ હતું?' તો કહે, 'અરે! બાબાનું, તમારા બંનેનું કામ હતું.' માતાએ, તેના પુત્રીએ, અને પુત્રવધુંએ - એમ ચાર લોકોએ વ્રતના ઉજવણા કરેલા. હજુ નવા-નવા એક માસથી સેન્ટર પર આવતા હતા તો વ્રતમાં આસ્થા જોડાયેલ હતી. તેમણે કહ્યું, 'ચાર લોકોએ વ્રત ઉજવ્યા અને હું બાબાની અને અમારી સેવાધારી બ્ર.કુ. બહેનોને કેમ ભૂલું?' માતા વારં-

વાર અહીં આવતી હતી. આગળ કહ્યું, 'તમે બંને પાંચ મિનિટ રાહ જુઓ, હું હમણાં આવી.' અને પાંચ મિનિટમાં ચાર મોટા મોટા થાળમાં બાબાના ઘર માટે લોટ, ચોખા, દાળ, ઘી, તેલ, શાક, મસાલા એટલું લેતી આવી કે છ માસ સુધી શાકભાજી સિવાય કાંઈ ન લાવવું પડે.. આમ ભીડભંજન બાબાએ પાંચ મિનિટના સંકલ્પોની બ્રેક કરતા શીખવ્યું. બાળકોને બેગરી પાર્ટમાં પાંચ મિનિટના પાર્ટમાં સ્થિર, શાંત, સ્વસ્થ, નિશ્ચિત, બેફિકરનો પાર્ટ સમજાવ્યો. ત્યાર પછી ક્યારેય આ બેગરી પાર્ટનો અનુભવ ના થયો. નીડર, નિશ્ચિત અને વિવેકશીલ થતા આગળના ખૂબ વિકાસની વણથંભી યાત્રા થઈ, આગળ જતા એ જ શહેરમાં પ્રગતિ કરતા કરતા થોડા સમયમાં દાદી પ્રકાશમણીજી, ચંદ્રમણી દાદીજી, મનોહર દાદીજી, નિર્વૈરભાઈજી, ગુલઝાર દાદીજીના ચરણકમળ આ સ્થાન પર પડ્યા અને ગુલાબ ઉપવન ખીલી ગયુ. આ ભીડભંજન બાબા પોતે 'મા'ની છત્રછાયા બની રહ્યા અને કહેવાય છે,- 'મહા હેતવાળી દયાળુ જ મા તું, સુકામાં સુવાડી ભીને પોઢે પોતે, મહા હેતવાળી દયાળુ જ મા તું.'

**॥ ઓમ શાંતિ ॥**

બ્રહ્માકુમારી વિદ્યાલયનો ઈતિહાસ જાણવા માટે અને પ્રજાપિતા બ્રહ્માની જીવન કહાની જોવા માટે હિન્દી ફિલ્મ **'ભાગ્ય વિધાતા'** અવશ્ય જુઓ. હવે youtube ઉપર ફ્રી જોઈ શકો છો... બ્રહ્માકુમારી ફિલ્મ **'ભાગ્ય-વિધાતા'** લખીને સર્ચ કરવું. અથવા QR Code સ્કેન કરશો તો પણ **'ભાગ્ય-વિધાતા'** ફિલ્મ ખુલશે.

# ક્યારે બનશું

**બ્ર. કુ. જૂનાગઢ**

મારાની મમતા મોહ જગાડે,
તો મોહજીત ક્યારે બનશું?
તું તારું કરની ભાવના જાગે,
તો એકતાની રાહ ક્યારે જગાવશું?
હું મારું જ કરુંની ભાવના જાગે,
તો બેહદનો ભાવ ક્યારે જગાવશું?
છુ ત્યા જ મોજ નથી,
તો ખુશી આનંદથી ક્યારે જીવી શકશું?
મળ્યા માણીગર મનનાને, ઉદાસ છીએ,
તો ઉજાસ ક્યારે બનશું?
પંચાત પકડીને પાગરણ બાંધ્યા,
તો સ્વતંત્ર ક્યારે થઈશું?
બંધનોની બેડીએ પગ બાંધ્યા,
તો ઉડતા પંછી ક્યારે બનશું,
સંગમયુગ સુહાવનોને વેડફીયે સમય,
તો મેચ્યોર ક્યારે બનશું?
સહજતા, સત્વિકતાની સમજ નથી,
તો સમજુ ક્યારે બનશું?
જ્ઞાન યોગનું મહત્વ નથી,
તો રાજયોગી ક્યારે બનશું?
રાગ, દ્વેષને ઈર્ષ્યા મનમાં રાખ્યા,
તો મન શુદ્ધ ક્યારે કરશું?
મોહ માયાથી ફસાયેલા રહીશું,
તો તારણહાર ક્યારે બનશું?
સહન કરવામાં અઘરું લાગે,
તો શહેનશાહ કેમ બનશું?

**॥ ઓમશાંતિ ॥**

## જ્ઞાન પરબ

# ભાગ્યની સ્મૃતિ

બ્ર.કુ. જગદીશભાઈ, ઈસનપુર, અમદાવાદ

કવિ શ્રી બાલશંકર કંથારિયા એ વર્ષો પહેલાં લખેલી એક ગઝલની પંક્તિ યાદ આવે છે.

'અરે પ્રારબ્ધ તો છે ઘેલું, રહે છે દૂર માગે તો,
ન માંગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.'

આજનો કરેલો પુરુષાર્થ એ જ આવતીકાલનું પ્રારબ્ધ બને છે અને પુરુષાર્થથી પ્રાપ્ત થતું પ્રાલબ્ધ, એ આપણી મહેનતનું ફળ છે, જ્યારે સ્વપ્નમાં પણ વિચાર્યું ના હોય અને જે અનાયાસે પ્રાપ્ત થાય તેને ભાગ્ય કહેવામાં આવે છે. ભાગ્ય માંગવાથી નથી મળતું, પરંતુ અનાયાસે સામેથી દોડતુ આવે છે.

આ સંસારમાં તન, મન, ધન, ધાન્ય, પુત્ર, પૌત્રાદીથી સંપન્ન હોય તેને ભાગ્યશાળી માનવામાં આવે છે, જ્યારે જરૂરિયાત કરતાં સો ગણું વધારે સંપન્ન હોય તેને સૌભાગ્યશાળી કહેવામાં આવે છે. આંકડાઓની ગણતરીમાં કરોડ, અબજ, ખર્વ પછી પદમ આવે છે. જેને સો-ભાગ્ય કરતા અનેક ગણું ભાગ્ય પ્રાપ્ત હોય તેને પદ્મપદમ ભાગ્યશાળી માનવામાં આવે છે. પરમાત્માએ આપણને આપણા ભાગ્યની સ્મૃતિ અપાવી છે કે તમારા કદમ-કદમ પર પદમોની કમાઈ જમા થાય છે. તમે પદ્મપદમ ભાગ્યશાળી આત્માઓ છો. વર્તમાન સમય પદ્મ-પદમ ભાગ્યશાળી બનવાનો યોગ ચાલી રહ્યો છે. ભાગ્યવિધાતા બ્રહ્માજી સ્વયં ભાગ્ય વહેંચી રહ્યા છે. આપણા નસીબ આગળથી પાંદડું હટી ગયું છે અને ભાગ્યએ કરવટ બદલી છે, આપણા ભાગ્યનો સિતારો ચમકી ઉઠયો છે. રાહુ અને શનિની વક્ર દ્રષ્ટિ પૂરી થઈ અને બ્રહસ્પતિ, ભગવાનની શ્રેષ્ઠ વરદાની દ્રષ્ટિ આપણા ઉપર પડી છે. હવે આપણા દુઃખના દિવસો સમાપ્ત થયા અને સ્વયં સર્વશક્તિમાન ભગવાનની છત્રછાયામાં આપણે સુખી અને સલામત છીએ. સ્વયં ભાગ્ય વિધાતાએ આપણા માટે ભાગ્યના દ્વાર ખોલી નાખ્યાં છે. આવો આપણા શ્રેષ્ઠ ભાગ્યને સ્મૃતિ પટલ પર લાવીએ.

વાહ! કેટલું ઊંચું મારું ભાગ્ય છે! જન્મ જન્માંતર જેને મળવા માટે મેં અનેક પુરૂષાર્થ કર્યા વ્રત, તપ, ઉપવાસ, જાગરણ, પ્રાર્થના, સાધના, અર્ચના, આરાધના, યાત્રા, જાત્રા, યજ્ઞ, હવન, કથા, વાર્તા વગેરે કર્યા, પરંતુ જેમને મળી ન શક્યો તે સ્વયં પરમાત્માએ મને પોતાનો બનાવી, એમની ગોદીમાં સમાવી લીધો. સંસારની આઠસો કરોડ કરતાં પણ વધારે મનુષ્ય આત્માઓમાંથી ભગવાને મને પસંદ કરી, મારુ શ્રેષ્ઠ ભાગ્ય પ્રદાન કર્યુ. તેમની સાથે આ સૃષ્ટિ નાટકમાં હીરોનો રોલ ભજવવા મને લાયક બનાવ્યો. વાહ! મારુ શ્રેષ્ઠ ભાગ્ય વાહ!

મારા ભાગ્યની તો વાત જ શી કરવી? ગીતા જ્ઞાન દાતા, ભગવાન સ્વયં, મને રોજે રોજ ગીતા, જ્ઞાન અને રાજયોગનું શિક્ષણ આપવા માટે દુરદેશ, પરમધામથી પધારે છે. આટલું ઊંચું ભાગ્ય તો આજ સુધી કોઈ દેવી-દેવતા, ઋષિ-મુની, રાજા-મહારાજા કે ધર્મ પિતાને પણ પ્રાપ્ત નથી. સ્વર્ગના રાજા ઇન્દ્રને પણ આ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે 12 વર્ષ સુધી બ્રહ્માજીના આંગણાની સફાઈ કરવી પડી હતી. ધન ભાગ્ય મારા, કે ભગવાન મારા કોડીતુલ્ય જીવનને હીરા તુલ્ય બનાવી રહ્યા છે.

જે ભગવાનની એક ઝલક પ્રાપ્ત કરવા સાધુ સંત, મહાત્માઓ, ઋષિમુનિ તપસ્વીઓ, ભૂખ્યા, તરસ્યા, ઠંડી, ગરમી, વરસાદ સહન કરી હિંસક પ્રાણીઓની વચ્ચે અનેક વર્ષો સુધી તપસ્યા કરતા રહ્યા, તે ભગવાન સ્વયં મારા દ્વાર પર, હથેળીમાં સ્વર્ગની સોગાત લઈને આવ્યા છે. મારી જન્મો જનમની પ્યાસ બુઝાવી રહ્યા છે. સર્વ અલૌકિક ખજાનાઓથી મને ભરપુર બનાવી રહ્યા છે. ભગવાન મારા સાથી, પરમમિત્ર બની ગયા છે. મારુ બધું જ કામ ખાવુ, પીવું, ઉઠવું, બેસવું, સૂવું, જાગવું, ભગવાનની સાથે થઈ રહ્યું છે. આટલું ઊંચું ભાગ્ય તો કોઈપણ ધર્માત્મા, મહાત્મા, પુણ્યાત્મા કે ભક્ત આત્માનું પણ નહિ હોય.

ભાગ્ય વિધાતા મારા ઉપર રીઝયા છે અને મારા પર જ્ઞાનધનનો વરસાદ વરસાવી રહ્યા છે. જ્ઞાન ધનથી હું અનેક જન્મો સુધી સમૃદ્ધ રહીશ, મારે કોઈની પાસે હાથ લંબાવીને માંગવુ નહીં પડે. મારા ભાગ્યનું તો કહેવુ જ શું? ભગવાનને મેં આ આંખોથી બોલતા, ચાલતા, ખાતા, પીતા ગીતા જ્ઞાન આપતા અને રાજયોગ શીખવાડતા જોયા છે. ભગવદ્ પ્રાપ્તિથી મારા જીવનની દિશા જ બદલાઈ ગઈ. અરે વાહ! ભગવાને મને નજરોથી નિહાલ કરી સર્વ પ્રાપ્તિઓથી સંપન્ન બનાવી દીધો. પાના થા સો પા લીયા, હવે જીવનમાં અન્ય કોઈ જ ઈચ્છા બાકી રહી નથી.

અમૃતવેળા ભગવાન સ્વયં મને જગાડવા આવે છે. તેમની શુભ આશિષ અને વરદાનોથી મારા દિવસની શરૂઆત થાય છે. આંખ ખુલતા જ ભગવાન સાથે મિલન થાય છે. પરમધામથી સ્વયં ભગવાન ખાસ મારા માટે જ ગીતાજ્ઞાન અને રાજયોગ દ્વારા અલૌકિક પાલના કરવા માટે આવે છે. આવું સદ્ભાગ્ય તો નસીબવાળાને જ મળે.

આપણે અનેક જન્મોથી ગાતા આવ્યા છીએ કે ત્વમેવ માતાશ્ચ, પિતા ત્વમેવ, ત્વમેવ બંધુ, સખા ત્વમેવ, પરંતુ અહીં સ્વયં ભગવાન સર્વ સંબંધોથી મારી અલૌકિક પાલના કરી રહ્યા છે. સદગુરુ બનીને શ્રેષ્ઠ મત આપી, જીવનની ઉત્તમ રાહ બતાવી સદગતિ કરે છે. પરમ શિક્ષક બનીને જ્ઞાનના અનેક ગુહ્ય રહસ્ય સમજાવી રહ્યા છે. ત્રણે કાળનુ જ્ઞાન આપીને ત્રિકાળદર્શી બનાવી રહ્યા છે. ત્રણે લોકની ભૂગોળ, સૃષ્ટિના આદિ-મધ્ય-અંતનો ઇતિહાસ, કર્મની ગુહ્ય ગતિનું ગણિત, મૌનની ભાષા જેવા અનેક વિષય શીખવાડી, મને મનુષ્યમાંથી પુરુષોત્તમ દેવતા બનાવી રહ્યા છે.

વિશ્વ નિયંતાએ મને પોતાનો સાથી બનાવી, દિવ્ય અસ્ત્ર શસ્ત્ર પ્રદાન કર્યા. મને દિવ્ય શક્તિઓથી સમ્પન્ન કરી માસ્ટર સર્વ શક્તિમાન બનાવ્યો. મને જીવનમાં અનેકવાર મદદ કરી નવજીવન બક્ષ્યું. સાચા સાથી બનીને સાથ નિભાવ્યો અને બધો જ બોજ પોતે ઉપાડી લીધો. તેમણે મારો હાથ પકડી વિકારોના દલ-દલમાંથી બહાર કાઢી સ્વચ્છ પવિત્ર બનાવ્યો. મારી જીવન યાત્રાના પરમ સાથી બન્યા. વાહ! મારુ કેટલું ઊંચુ ભાગ્ય, મને ખાવા માટે શ્રેષ્ઠ બ્રહ્માભોજન મળ્યું, શ્રેષ્ઠ પુણ્ય આત્માઓનો સંગ મળ્યો, પવિત્ર બ્રાહ્મણોનો પરિવાર મળ્યો, બધીજ ચિંતાઓ હરી લઈ દુ:ખહર્તા સુખકર્તા હરિએ જીવન મંગલમય બનાવી દીધુ. વાહ! મારા ભાગ્ય પર મને નાઝ છે.

સદગતિદાતા ભગવાન સ્વયં મારા સદગુરુ બન્યા અને મને જીવનમુક્ત બનવાનો માર્ગ પ્રશસ્ત કર્યો. ઓહો! ભાગ્યવિધાતા સ્વયં મારા ભાગ્યના ગુણગાન કરે છે. એક દિવસ એવો આવશે, જ્યારે સમગ્ર સંસાર મારા ભાગ્યની ઈર્ષ્યા કરશે.

બ્રહ્માજીને ભાગ્યવિધાતા માનવામાં આવે છે.

**(અનુસંધાન પેજ નં. 32 પર)**

## પ્રભુ પ્રસાદ

# પવિત્રતા

બ્ર.કુ. નીતા, પાટણ

પવિત્રતા એ સર્વ ગુણોની માતા છે. પવિત્રતાનો ગુણ આત્માનો મૂળ ગુણ છે. સૃષ્ટિના આદિકાળથી આપણામાં પવિત્રતાના સંસ્કાર છે. આત્મા જયારે પરમધામમાં હોય છે ત્યારે તેના પવિત્ર સ્વરૂપમાં જ હોય છે. જેમ 24 કેરેટનું સોનું લાવીને રાખીએ, તેનો કોઈ દાગીનો ન બનાવીએ તો તે સોનાની ક્વોલીટી તેટલી જ રહે છે, ઓછી થતી નથી. પણ તેમાંથી એક કે બે વાર ઝવેરાત બનાવતાં બીજી ધાતુઓ ઉમેરાતા તેના કેરેટ ઓછા થાય છે.

એવી જ રીતે આપણે સહુ આત્માઓ સૃષ્ટિ નાટકમાં સતયુગથી જન્મ લેતા આવ્યા. સતયુગ - ત્રેતાયુગમાં કર્મ, વ્યવહાર, વિચારમાં પવિત્રતા હતી. દેવી દેવતાઓ પવિત્ર હતા. લક્ષ્મીનારાયણ બન્ને પતિ પત્ની હોવા છતાં પણ તેમનું જીવન પવિત્ર હતું. જેવા રાજા એવી પ્રજા પણ પવિત્ર હતી. તો પ્રશ્ન થાય કે, શું સતયુગમાં બાળકો નહી હોય? સતયુગ ત્રેતાયુગમાં સંતાનોત્પતિ માટે વિકારી વિધિ નથી. પરંતુ યોગબળથી સંતાનના જન્મ થાય છે. સંકલ્પોમાં એટલું બધું બળ હોય છે કે વિકારનું તો નામો-નિશાન પણ હોતું નથી.

શાસ્ત્રોમાં પાંડવોનો જન્મ મંત્રશક્તિથી બતાવવામાં આવ્યો છે. તે આનું પુરક છે. સંકલ્પોના આધારે સંતાન પ્રાપ્તિ થાય છે. પરંતુ તે સમયે દેવી-દેવતાઓના સંકલ્પોમાં એટલું બળ (શક્તિ) હોય છે, પવિત્રતાની શક્તિ હોય છે કે કોઈ દૈહિક આકર્ષણ નથી હોતું. શુદ્ધ, પવિત્ર વિચાર, કર્મ અને વ્યવહાર હોય છે. માટે જ તો દેવી દેવતાઓની માહિમામાં તેમના એક એક અંગોને કમળ સાથે સરખાવ્યા છે. કમળ નયન, હસ્ત કમળ, મુખ કમળ, પદમ કમળ. કમળ પવિત્રતાનું પ્રતિક છે. કમળ કાદવ કીચડમાં ઉગે છે, પરંતુ કીચડથી અલિપ્ત છે. કમળની ગ્રહસ્થી વધારે હોય છે. તેમાંથી કમળ કાકડી વગેરે... આમ કમળ પવિત્ર ગ્રહસ્થ જીવનનું આગવું ઉદાહરણ છે.

તેમનામાં (દેવી દેવતાઓ)માં પવિત્રતાની શક્તિ એટલી બધી સમાયેલી હતી. જેથી આજે પણ દેવી દેવતાઓના મંદિરમાં પહેલા આપણે બહારની શુદ્ધતાનું ધ્યાન રાખીએ છીએ. તન અને વસ્ત્રોને સ્વચ્છ કરીને જ મંદિરમાં પ્રવેશ કરીએ છીએ. મૂર્તિની પૂજા પણ પવિત્ર વ્યક્તિ જ કરી શકે છે. દરેક વ્યક્તિને મંદિરના ગર્ભગૃહમાં જવાનો હક હોતો નથી. વર્તમાન સમયે કાળક્રમે, ગ્રહસ્થી, અપવિત્ર લોકો પણ પૂજા કરવા લાગ્યા છે. પરંતુ અપવિત્રને પવિત્ર મૂર્તિને અડવાનો અધિકાર નહોતો. આમ દેવી- દેવતાઓની મૂર્તિને પણ આટલી પવિત્રતાથી સ્નાન -પૂજન કરાવવામાં આવે છે. જયારે મૂર્તિને મંદિરમાં સ્થાપિત આવે ત્યારે પણ મંત્રોચ્ચાર સાથે સ્થાન, વાતાવરણને પવિત્ર બનાવીને મૂર્તિની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે.

આમ જોવા જઈએ તો પવિત્રતા એ આદિકાળથી જ આપણી અંદર હતી. ઈશુ ખ્રિસ્તનો જન્મ પણ પવિત્રતાનું આગવું ઉદાહરણ છે. મોર પવિત્ર પક્ષી છે તેથી તેને રાષ્ટ્રીય પક્ષી કહેવાય છે. શ્રીકૃષ્ણના મુકુટમાં મોરપંખ મૂકવામાં આવે છે, તે પણ પવિત્રતાની નિશાની છે. કહેવાય

છે કે, ઢેલ મોરના આંસુ પીને ગર્ભ ધારણ કરે છે, વિકારથી નહિ. આપણે સૌ જાણીએ છીએ કે, અત્યારે કલિયુગના સમયમાં પણ જો આ શક્ય હોય, તો પછી સતયુગ-ત્રેતાયુગ જેવા પવિત્ર યુગોમાં સંકલ્પોથી સંતાન કેમ ન હોઈ શકે? પવિત્રતા એ આત્માનો સ્વભાવ છે, કામ વિકાર સ્વાભાવિક સ્વભાવ નથી. પવિત્રતા જ રિયલ્ટી, રોયલ્ટી, બ્યુટી, પ્રોસ્પેરીટી, પર્સનાલીટી, હ્યુંમીલીટી, ડીવીનિટી, સીમ્પ્લીસીટી છે.

પવિત્રતા રોયલ્ટી કેવી રીતે છે? આ સૃષ્ટિ પર શ્રી લક્ષ્મી-નારાયણ પહેલા નંબરના રોયલ દેવી-દેવતા છે. આ રોયલ્ટીનું કારણ પવિત્રતા છે. પવિત્રતાના આધારે જ તેમનાં બોલ, વિચાર, કર્મ પવિત્ર હતા.

**(Purity is Security) પવિત્રતા સુરક્ષા છે.** રામાયણમાં તેનું તાદ્રશ્ય ઉદાહરણ છે. રાવણ પણ સશસ્ત્ર થઈને સીતાજી પાસે આવતો હતો. સીતાજી શોક્વાટીકામાં ઘાસનું એક તણખલું પવિત્રતાની શક્તિથી આગળ ધરતાં અને રાવણ એક ડગલું પણ આગળ ન વધી શકતો. આમ સીતાજી પાસે પવિત્રતાની શક્તિ હતી. આ પવિત્રતાની શક્તિ જ એમની સુરક્ષા બને છે.

**Purity is Personality - પવિત્રતા એક વ્યક્તિત્વ છે.** વર્તમાન સમયે પર્સનાલીટી ડેવલપમેન્ટના કોર્ષ ચાલે છે. બાહ્ય પર્સનાલીટીને કેળવવા લખલૂટ ખર્ચા કરવામાં આવે છે. છતાં પણ દેવી-દેવતાઓ જેવી પર્સનાલીટી બનાવી શકતા નથી. પવિત્રતા જ આપણું મૂળ વ્યક્તિત્વ છે. જ્યારે સ્વામી વિવેકાનંદ શિકાગોમાં ધર્મ પરિષદમાં ગયેલા ત્યારે તેમના ભગવા વસ્ત્રો જોઈને કોઈએ મજાક કરતા કહ્યું કે, તમારા કપડા ક્યા દરજી પાસે સીવડાવો છો? ત્યારે સ્વામી વિવેકાનંદે કહ્યું કે, અમારા દેશમાં પર્સનાલીટી વસ્ત્રોથી નહિ, ગુણોથી આવે છે. આમ તેમના પવિત્રતાના બળના આધારે તેમનું વ્યક્તિત્વ નીખર્યું.

**Purity is Prosperity - પવિત્રતા સમૃદ્ધિ છે. Purity is Humility - પવિત્રતા નમ્રતા છે.** જે આપણો મૂળ સ્વભાવ છે. કામ-ક્રોધ આ વિકારો પછીથી આપણાંમાં પ્રવેશેલા ખરાબ સંસ્કારો છે. જેનાથી આપણે મુક્ત થવા પ્રયત્ન કરીએ છીએ.

**Purity is Divinity - પવિત્રતા દિવ્યતા છે.** આજના હીરો-હીરોઈન કે સાજ-શણગારથી સજ્જ વ્યક્તિના ફોટા સાથે દેવી- દેવતાનો ફોટો રાખી સરખાવવામાં આવે તો, બન્ને ફોટાને જોતા, આપના વિચારો અલગ અલગ હશે. બન્નેની પાસે સુંદરતા છે. શૃંગારીત છે પરંતુ દેવીઓના ફોટા આગળ આપનું મસ્તક નમન કરશે. આ તેમની દિવ્યતાનો પ્રભાવ છે.પવિત્રતા આપણી સુંદરતા છે. માણસ બહારથી ભલે ગમે તેટલો સુંદર દેખાતો હોય પરંતુ ચરિત્ર ભ્રષ્ટ હોય તો તે સુંદરતા કોઈ જ કામ આવતી નથી પણ વ્યક્તિ કુરૂપ બની જાય છે. પવિત્રતાથી જ આપણી સુંદરતામાં નિખાર આવે છે.પવિત્રતાથી આત્મા શુદ્ધ બને છે.

આમ પવિત્રતામાં બધા જ ગુણો સમાયેલા છે. માટે પવિત્રતાને સર્વ ગુણોની જનની કહેવામાં આવે છે. પવિત્રતાથી જ સુખ-શાંતિ મળે છે. સતયુગમાં અકીચાર ધનનો આધાર પણ પવિત્રતા છે. પવિત્રતા આપણો મૂળ સ્વભાવ છે. માટે આપણે સહુ શુદ્ધ પવિત્ર જીવનને શ્રેષ્ઠ માનીએ છીએ. કોઈ પણ સંસારી વ્યક્તિ પવિત્ર બની ભગવા વસ્ત્રો ધારણ કરે તો તેની આગળ આપનું મસ્તક ઝુકી જાય છે. પવિત્રતા ઝુકાવે છે. પછી કોઈ વ્યક્તિ બહારથી પવિત્રતાના આંચલ હેઠળ ખરાબ કાર્યો કરે તો તેને સમાજ સ્વીકારી શકતો નથી. જો પવિત્રતાના સંસ્કાર હોય તો, પછી શા માટે આજે સમાજમાં બળાત્કારના કેસ થાય છે? શા માટે

**(અનુસંધાન પેજ નં. 33 પર)**

# પ્રસંગ પરિમલ

## પ્રશંસા પ્રત્યે વિતૃષ્ણા

સન્ 1931ની વાત છે. સંત વિનોબાભાવે ગાંધી આશ્રમની ટપાલ જોઈ રહ્યા હતા. એક એક પત્રને વાંચીને વિષય અનુસાર તેને અલગ અલગ રાખતા હતા. એમની નજીક બેઠા હતા પ્રસિધ્ધ દેશના ભક્ત જમનાલાલજી બજાજ. ઉંમરમાં નાના હતા. તેઓ કુતુહલપૂર્વક પત્રોની બનાવટ એના લખેલા સરનામાનું લખાણ વગેરે જોઈ રહ્યા હતા. અચાનક વિનોબાજીએ એક પત્ર ઉઠાવ્યો. જેની બનાવટ તથા એના પર લખેલા સરનામાથી, તેના અક્ષરોથી સ્પષ્ટ સમજી શકાતું હતું કે તે પત્ર મહાત્મા ગાંધીનો હતો. એ સમયગાળા દરમ્યાન મહાત્મા ગાંધી પ્રત્યે દેશમાં સૌને ઘણો જ આદર અને સન્માનીત પ્રતિષ્ઠા બની ગઈ હતી. લોકો એમના હસ્તાક્ષરોને મેળવવા વ્યગ્ર અને પ્રયત્નશીલ રહેતા હતા. એ સિવાય મહાત્માજીના પત્રો ઘણા જ મહત્ત્વપૂર્ણ હતા. તેમજ મહાત્માજીના પત્રો ઘણાં શિક્ષાપ્રદ હોવાના કારણે લોકો એ પત્રોનો સંગ્રહ પણ કરતા હતા. શ્રી કમલનયન બજાજને તો બાલ્યકાળથી જ બાપૂનો પ્રેમ મળતો હતો. એટલે બાપુના પત્રો પ્રત્યે એમને વિશેષ અભિરુચિ હતી. તેઓ આદરપૂર્વક પત્રોને જોતા હતા.

શ્રી વિનોબાજીએ પત્ર ખોલ્યો એને પ્રારંભથી અંત સુધી વાંચ્યો. એમના ચહેરા ઉપર ઉદ્વિગ્નતાની રેખાઓ આવી ગઈ. એમણે એ પત્ર ફાડીને કચરા પેટીમાં ફેંકી દીધો. બાપૂ પ્રત્યે ગહન શ્રધ્ધા અને પ્રેમ રાખનાર શ્રી વિનોબાજીનું આ કાર્ય જોઈને એમને ઘણું જ આશ્ચર્ય થયું. એમણે કચરાપેટીમાંથી એ પત્રના ટુકડાઓ વીણી લીધા. પત્ર વધારે ફાટેલો નહોતો એટલે એને જોડીને વાંચતાં કોઈ તકલીફ પડી નહીં. પત્રમાં લખ્યું હતું. ‘તમારા જેવી કોઈ બીજી મહાન આત્મા સાથે મારો આજ સુધી સંપર્ક થયો નથી.’

શ્રી વિનોબાજી પ્રત્યે બાપુના આટલા સુંદર ઉદ્ગાર. તો એવો કયો હેતુ હતો જેથી બાપુનો પત્ર ફાડી દીધો. કમલનયને વિનોબાજીને પૂછી લીધું. કે ‘આપે બાપુનો પત્ર શા માટે ફાડ્યો?’

શ્રી વિનોબાજીએ સહજભાવથી ઉત્તર આપ્યો, ‘પોતાના ગુરુજનથી પણ સ્નેહ યા ગફલતને કારણે કોઈ ભૂલ થઈ શકે છે. શ્રધ્ધાળુઓએ એ ભૂલને બહુ મહત્ત્વ ના આપવું જોઈએ. બાપુએ આ પત્રમાં ભૂલ કરી છે. કમલ-નયને વિનોબાજીને પૂછ્યું કે તમે કઈ રીતે આમ કહી શકો છો?

વિનોબાજીએ કહ્યું કે ‘બાપુને લાખો લોકો મળ્યાં છે. એકથી એક મહાન વિભૂતિઓ અને એકથી એક મહાન આત્માઓ. બેજ વાતો છે યા તો બાપુ એ મહાન વિભૂતિઓને ઓળખી શક્યા નથી અથવા પત્ર લખતાં એમની વિશેષતાઓની એમને વિસ્મૃતિ થઈ ગઈ હશે. આજ કારણે એમણે મારા પત્રમાં મોટાપણાના શબ્દો લખી દીધા. હું સારી રીતે એ સમજું છું કે એમણે સ્નેહ જ મોહને કારણે મારા માટે મોટાઈની વાતો લખી દીધી છે. આ પ્રકારે લખવાથી એ મહાન વિભૂતિઓની મહાનતા તો ઓછી નથી થઈ.

શ્રી કમલનયનમાં યુવાનીનું જોશ આવ્યું તેઓ આવેશના શબ્દોમાં બોલી ઉઠ્યા બાપુ જેવા મહાન પુરુષે લખેલી ચીજ ભલે આપના માટે નહીં પણ દુનિયા માટે છે. એને ફાડવાનો અધિકાર આપને નથી.

વિનોબાજી સમજી ગયા કે યુવક કમલનયન આવેશમાં છે. એમણે ઘણા શાંત ભાવથી સમજાવ્યું બાપુએ મારા માટે જે લખ્યું છે તેમાં મહત્ત્વની વસ્તુ

છે એમનો સ્નેહ, પ્યાર, વિશ્વાસ. એ મેં ગ્રહણ કરી લીધું. બાકીનાને તો નષ્ટ કરી દેવામાં જ લાભ છે. જો બાપુની માન્યતા સાચી છે તો મારા પત્ર ફાડવાથી તે દૂર નહીં થાય. પરંતુ જો તેમનો મોહ છે તો એને રાખવાથી નુકસાન જ છે. એટલે મેં બાપુનો પત્ર ફાડવામાં કોઈ જોખમ નથી અને રાખવામાં કોઈ લાભ નથી. પ્રેમભર્યું સમાધાન મેળવીને કમલનયનજી સંતુષ્ટ થઈ ગયા.

## ધર્મપુત્રી

કેટલાક સમય પહેલાંની વાત છે. હું મારા એક સંબંધીને મળવા હોસ્પિટલમાં ગયો. એના ખાટલાની પાસેજ એક મારવાડી વૃદ્ધાનો ખાટલો હતો. એની પાસે એક યુવક મધુર મંદ મંદ સ્વરમાં ભજન ગાઈ રહ્યો હતો. ભજનમાં રસ પડવાથી હું તેની પાસે જઈને બેઠો.

બેટા ! એક બીજું ભજન ગાઓ તો. ભજન પૂરું થતાં જ વૃદ્ધા બોલી, તારા કંઠમાં ભગવાને જેટલી મીઠાશ ભરી છે. તેનાથી અધિક મીઠાશ તારા હૃદયમાં ભરી છે. તારી સેવાને બદલે તો ભગવાન જરૂર બીજું કંઈક આપશે.

વૃદ્ધાની ઈચ્છા અનુસાર તે ભાઈએ સિંધી ભાષામાં બીજા ભજનનો પ્રાંરભ કર્યો. તે ભાઈ સિંધી હતો. થોડા સમય પછી એની પત્ની થર્મોસમાં દૂધ, તાજાં ફળ અને ખીચડી લઈને આવી. અને એ વૃધ્ધાની સામે બેસી ગઈ. બેટા, સગો પુત્ર પણ ન કરે તેટલી સેવા છેલ્લા દસ દિવસથી કરી રહ્યાં છો.

'માજી', યુવકની પત્નીએ કહ્યું. તમે જો કંઈ વધુ કહેશો તો અમે અહીંથી ચાલ્યા જઈશું. અમે આમાં તમારા ઉપર કયો મોટો ઉપકાર કર્યો છે. તો અમને આટલો યશ આપી રહ્યાં છો?

તારી વાત સાચી છે બેટી, તે બોલી મારા પુત્રને મારા સમાચારાની ખબર છે, છતાં તે પણ હજુ તે આવ્યો નથી. ના તો તેણે તેની પત્નીને મોકલી છે. તો શું અમે લોકો થોડા પારકાં છીએ. ભાઈ અને ભાભીને કોઈ ખાસ કામ આવી ગયા હશે એટલે તેઓ નહીં આવી શક્યાં હોય. હવે તો હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી અમે લોકો આપને અમારે ઘેર લઈ જવાનાં છીએ. જ્યાં સુધી તમે સંપૂર્ણ સાજા થઈ જાવ ત્યાં સુધી અમારા ઘેર રહેશો. સિંધી ભાઈ બોલ્યો.

અને માજી એની પત્ની બોલી શરૂ શરૂમાં અમે લોકો જ્યારે આપના મકાનમાં રહેવા આવ્યાં હતાં. ત્યારે તમે મને કહ્યું હતું બેટી, તને જોઈને મને મારી બેટી મોહિનીની યાદ આવે છે હવે આપ જ કહો માજી આપની આ મોહિની આપને બીમાર હાલતમાં એકલાં સંયોગવશ મકાન બદલ્યું, પણ મકાન બદલવાથી આપની સાથે મળેલા હૃદયને કઈ રીતે બદલી શકીશું? મેં એ વૃદ્ધા અને યુવા સિંધી દંપતી સાથે જ સમય વીતાવ્યો તે મારા માટે સ્વર્ગીય સુખનો સમય હતો. **॥ઓમશાંતિ॥**

---

**(પેજ નં. 11નું અનુસંધાન)... જ્ઞાનબીજ**

શીખવવામાં આવે છે જેના કારણે બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના રાજયોગી ભાઈ-બહેનોમાં પારિવારિક ભાવના કેળવાઈ છે. જેના થકી આપણે સૌ એક પરિવારના કુટુંબીજનો બનીને રહીએ છીએ. આ એક એવું જ્ઞાનનું બીજ છે જેમાં ભરપૂર સદગુણોનું પોષણ છે એટલે જ કોઈપણ કાર્યમાં એક થઈને કાર્ય કરી શકીએ છીએ અને દરેક કાર્યમાં સફળતા પણ મેળવીએ છીએ આપણે વિશ્વ સામે એકતા અને અખંડતાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. જ્ઞાનનું બીજ રાજયોગી ભાઈ-બહેનોના આધ્યાત્મિક અભ્યાસમાં જોવા મળે છે. જેમના માધ્યમથી અનેક આત્માઓને પ્રેરણા મળે છે અને ઈશ્વરીય કાર્યોમાં દરેક વ્યક્તિ પોતાનો અમૂલ્ય ફાળો આપે છે . **॥ઓમ શાંતિ॥**

# સકારાત્મક વિચારની શક્તિ

પોઝીટીવ વિચાર કરવાથી આપના તન અને મન બંનેને ફાયદો થાય છે. કેટલાક વૈજ્ઞાનિકો આ દિશામાં સતત અધ્યયન કરી રહ્યા છે અને એના પ્રભાવને પણ પ્રદર્શિત કરે છે પોઝીટીવ વિચારથી આપના આત્માવિશ્વાસમાં વૃદ્ધિ થાય છે મનોદશામાં સુધારો થાય છે અને તણાવ ઓછો થાય છે. પોઝીટીવ વિચારમાં ખરેખર બહુ જ શક્તિ હોય છે. પણ તે શક્તિ શું છે? પોઝીટીવ વિચાર એક કલ્પનાની જેમ હોય છે. પરંતુ એનો આપના જીવન ઉપર ગહન પ્રભાવ પડે છે. જો આપ પણ જીવનમાં પોઝીટીવ વિચારો અપનાવવા ઈચ્છો છો તો નીચે આપેલી બાબતો ઉપર ધ્યાન આપો.

**સારી વાતો ઉપર ધ્યાન આપો -** પરફેક્ટ દિવસ જેવી કોઈ ચીજ નથી, આપણે બનાવવી પડે છે. જ્યારે પણ આપને કોઈ પડકારનો સામનો કરવો પડે, તો પોતાનું ધ્યાન - થઈ રહેલ લાભ પર રાખો. પછી લાભ ગમે તેટલો નાનો કેમ ના હોય. જેમ કે આપ ટ્રાફીકમાં ફસાઈ ગયા છો, તો ગુસ્સો કરવાને બદલે સ્વયંની સાથે વાત કરો, વીતેલી કાલનું આકલન કરો. અથવા આવતી કાલની યોજના બનાવો. એટલું જ નહીં આપ ઈચ્છો, તો સમયનો ઉપયોગ કેટલાક પોઝીટીવ વિચાર સાંભળીને પણ કરી શકો છો.

**નકારાત્મક વાતોને સકારાત્મક બનાવો -** મોટે ભાગે એવું બને છે કે કોઈ વ્યક્તિ કોઈ કામમાં નિષ્ફળ જાય છે તો તે પોતાના વિશે નેગેટીવ વિચારે છે. તે વિચારે છે કે તેણે આ કામ કરવાની કોશિશ જ નહીં કરવી જોઈએ. શરૂઆતમાં તો આ વિચાર સામાન્ય લાગે છે. પરંતુ ધીરે ધીરે આપની આંતરિક ભાવનાઓમાં બદલાઈ જાય છે. અને આપના વિચારો સીમિત બનાવી દે છે. આવી સ્થિતિમાં સ્વયં સાથે પોઝીટીવ વાતો કરો. જો આપને એક તક મળી જાય તો આપ આ કામને સારી રીતે કરી શકો છો. આ વખતે આપની યોજના અનુસાર પરિણામ નહીં આવ્યું પણ આગલી વાર જરૂર આવશે. શક્તિ આપણી અંદર હોય છે. પરંતુ એને કઈ દિશામાં લઈ જવી તે આપણા હાથમાં છે.

**નિષ્ફળતાઓમાંથી પાઠ શીખો -** કોઈ વ્યક્તિ સંપૂર્ણ હોતી નથી. જો આપ કંઈક નવું કરશો તો સ્વાભાવિક છે કે કોઈ ભૂલ પણ કરી શકો છો. આવા સમયે નિરાશ થઈને બેસવાના બદલે ભૂલને સુધારી લો તે ઉચિત છે. આગળ માટે સારા ઉપાયો વિચારો.

**॥ ઓમ શાંતિ ॥**

---

**(પેજ નં. 27નું અનુસંધાન)... ભાગ્યની સ્મૃતિ**

કહેવાય છે કે, બ્રહ્માજી જ્યારે ભાગ્ય વહેંચતા હતા ત્યારે શું તમે ઊંઘતા હતા? વર્તમાન સમયે ભાગ્યવિધાતા બ્રહ્માજી સ્વયં પોતાની માનસ પુત્રીઓ બ્રહ્માકુમારીઝ દ્વારા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં ભાગ્ય વહેંચી રહ્યા છે. બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં જઈ પિતાશ્રી બ્રહ્મા પાસેથી તમારો હકનો વારસો લઈ લો. તમારા ભાગ્યનો અધિકાર કોઈ છીનવી શકતું નથી. તમારું ભાગ્ય સામેથી દોડતું આવ્યું છે. ભગવાન બ્રહ્મા દ્વારા સૃષ્ટિનું નવસર્જન કરી સ્વર્ગની રચનાનું કાર્ય કરી રહ્યા છે. સ્વર્ગની એક જ સીટ ખાલી છે અને આ સીટનું રિઝર્વેશન તમે પણ કરાવી લો, તેવી શુભકામના સાથે.

**॥ ઓમ શાંતિ ॥**

(પેજ નં. 29નું અનુસંધાન)... પવિત્રતા

અપવિત્ર કર્મ કરવાવાળાને દંડવામાં આવે છે? શા માટે સમાજ આવા ચરિત્રભ્રષ્ટ લોકોનો બહિષ્કાર કરે છે?

સમાજમાં થોડાક લોકો એવા છે. જે આવી વ્રુત્તિઓને સહજ સ્વભાવ સમજીને ખરાબ કાર્યો કરવામાં પોતાને કોઈ દોષી નથી સમજતા. પરંતુ તેઓ પણ પોતાના હૃદય પર હાથ રાખીને જાતને પ્રશ્ન પૂછે તો જાણશે કે શું આ ખરેખર સત્ય છે? આપનું દિલ ક્યારેય આ વાતની ગવાહી નહિ આપે. કારણ કે આપણો મૂળ સ્વભાવ જ પવિત્રતા છે.પવિત્ર જીવન જ મહાન જીવન છે. નહિ તો આજે પણ દેવી દેવતાઓની પૂજા શા માટે થાય છે?

આપણે સહુએ આવા પવિત્ર વિચારો, સંસ્કારોને જીવનમાં ધારણ કરીને પવિત્ર જીવન બનાવીએ તો જ આપણું જીવન મુલ્યવાન બનશે. પવિત્રતાને ધારણ કરવાથી જ જીવન હીરા સમાન અને અપવિત્રતાના કારણે જીવન કોડી સમાન બને છે. કોઈપણ હાલતમાં પવિત્રતાની ધારણા જાળવી રાખવી એ જ આપણું શીલ છે.

॥ ઓમ શાંતિ ॥

(પેજ નં. 07નું અનુસંધાન)... પ્રસન્નતાના પથ

દરેક પરિસ્થિતિ આપણને કંઈક ને કંઈક શીખવે છે. મતભેદ અને મનભેદ વગરનો પરિવાર પણ વિકાસનું સાધન અવશ્ય બની શકે છે અને સંબંધો વધુ મજબૂત બની શકે છે.

આજના યુગમાં પારિવારિક સુખ અને આનંદ જાળવવું દરેક વ્યક્તિના જીવનમાં અત્યંત જરૂરી બની ગયું છે. સાચું સુખ બહારની પરિસ્થિતિઓમાં નહીં પરંતુ આપણા અંદરના વિચારો અને સંસ્કારોમાં રહેલું છે. જ્યારે આપણે સ્વીકાર કરવાની ભાવનાને વિકસાવીએ છીએ, આપણી અપેક્ષાઓ ઘટાડીએ છીએ, વાણીમાં મીઠાશ લાવીને અને આત્મજાગૃતિ દ્વારા રાજયોગનો અભ્યાસ કરીએ છીએ ત્યારે, પરિવારીક જીવનમાં સાચો આનંદ અને શાંતિ સ્થાપિત થઈ શકે છે. ત્યારે ઘર માત્ર રહેવાનું સ્થાન નથી રહેતું, પરંતુ પ્રેમ, પરસ્પર સમજૂતી અને આધ્યાત્મિક ઊર્જાથી ભરેલું શાંતિનું પવિત્ર મંદિર બની જાય છે.

॥ ઓમ શાંતિ ॥

## સંગમયુગની પ્રશ્નાવલી ભાગ -3 ના જવાબો

| | | | |
|---|---|---|---|
| 1. વિદેહી | 2. શ્રીમત | 3. પ્રેમ | 4. વિશ્વાસ |
| 5. જ્ઞાન-દાન | 6. પુણ્ય આત્મા | 7. દેહ-અભિમાન | 8. બુદ્ધિરુપી |
| 9. હર્ષિત | 10. નિશ્ચયબુદ્ધિ | 11. કર્મયોગ | 12. ઘરે |
| 13. રોયલ | 14. ખુશીનો | 15. સતયુગ | 16. વૈરાગ વૃત્તિ |
| 17. નિવારણ | 18. પ્રીત બુદ્ધિ | 19. શાંતિધામ | 20. બેલેન્સ |
| 21. નિશ્ચિંત | 22. રત્ન | 23. દૃઢ નિશ્ચય | 24. કલ્યાણકારી |
| 25. મહાવીર | | | |

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Gujarat Offset Private Ltd. 'Offset House', Opp. Jain Ashram, Station Road, Vatva, Ahmedabad – 382 440. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Nandini Harshadrai Dwivedi

# સંગમયુગની પ્રશ્નાવલી ભાગ - 3

દૈવી ભાઈઓ અને બહેનો,

નવીનતાસભર ઈશ્વરીય જ્ઞાનખજાનો સંગમયુગની પ્રશ્નાવલી જ્ઞાન-ચિંતનના આધારે અહીં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પ્રશ્નાવલીમાં ભરશો. આ પ્રશ્નાવલીના જવાબો આ જ અંકમાં અંદર આપેલ છે. તમારા જવાબોને સાચા જવાબો સાથે જરૂર ચકાસી જુઓ.

1. સ્વયંને આત્મા સમજી __________ બાપને અને સ્વીટ હોમને યાદ કરો.
2. મનુષ્ય થી દેવતા બનવા માટે એક બાપની______________ પર જ ચાલવાનું છે.
3. અહીં બાપ સમાન સુખના સાગર, _____________ના સાગર બનવાનું છે.
4. સાંભળેલી - સંભળાવેલી વાતો પર ક્યારેય ____________ નથી કરવાનો.
5. ___________ની સાથે-સાથે ગુણ-દાન કરો તો સફળતા મળતી રહેશે.
6. યાદની યાત્રામાં રેસ કરો તો ______________ બની જશો.
7. ____________________ના કારણે જ બાળકોથી ખૂબ ભૂલો થાય છે.
8. બાપદાદાના હાથમાં ___________ હાથ હોય તો પરીક્ષાઓ રુપી સાગરમાં હલશો નહીં.
9. મુખડું સદૈવ દેવતાઓ જેવું___________ રાખવાનું છે.
10. હીરો એક્ટર અર્થાત્ એક્યુરેટ પાર્ટ ભજવવા વાળા, _____________ નિશ્ચિંત આત્મા.
11. કર્મભોગને __________ થી અર્થાત્ બાપની યાદથી ખુશી-ખુશી ચૂક્તું કરવાનાં છે.
12. આ અંતિમ જન્મ છે, હવે __________ જવાનું છે .
13. બોલવા-ચાલવામાં ખૂબ ____________ બનવાનું છે.
14. જેટલું યાદ કરશો એટલો ___________ પારો ચઢશે, વારસો યાદ રહેશે.
15. __________માં કોઈની મહિમા થતી નથી.
16. સેવાના ઉમંગ - ઉત્સાહની સાથે સદા બેહદની _____________માં રહો.
17. કારણ શબ્દને પરિવર્તન કરી _____________ શબ્દ સદા ધારણ કરો.
18. આપ બ્રાહ્મણ કુળભૂષણોની છે ______________.
19. ફરી બાપે યાદ અપાવી કે તમારું ઘર છે _____________.
20. બેહદની વૈરાગ વૃત્તિ થી સાધન અને સાધનાનું___________ રહેશે.
21. દરેકનાં નિશ્ચિત પાર્ટને જાણી સદા ____________ રહેવાનું છે.
22. મુખથી સદૈવ __________ બોલવાનાં છે.
23. __________________ થી પોતાનાં ભાગ્ય ને નિશ્ચિત કરી દો તો સદા નિશ્ચિંત રહેશો.
24. શ્રીમત પર ___________ બનવાનું છે, સૌને સુખનો રસ્તો બતાવવાનો છે.
25. _________________બાળકો સ્વયંને એક સેકન્ડમાં ન્યારા અને બાપનાં પ્યારા બનાવી શકે છે.

**(વિશ્વાસ, મહાવીર, ખુશીનો, બુદ્ધિરુપી, કલ્યાણકારી, રત્ન, ઘરે, નિશ્ચયબુદ્ધિ, કર્મયોગ, દૃઢ નિશ્ચય, નિવારણ, નિશ્ચિંત, વૈરાગ વૃત્તિ, શાંતિધામ, સતયુગ, વિદેહી, બેલેન્સ, રોયલ, પ્રેમ, પ્રીત બુદ્ધિ, હર્ષિત, જ્ઞાન-દાન, પુણ્ય આત્મા, દેહ-અભિમાન, શ્રીમત)**



દમણમાં સુરક્ષા સેવા પ્રભાગ દ્વારા ગુજરાત સ્તરીય 'અભિયાન' અંતગર્ત કોસ્ટગાર્ડના DIG એસ.એસ.એન. વાજપઈને સોગાત આપતાં બ્ર.કુ. કાન્તાબેન, બ્ર.કુ. કમલભાઈ, બ્ર.કુ. સૌરભભાઈ.



સુરત કામરેજમાં સુરક્ષા સેવા પ્રભાગના 'અભિયાન' અંતગર્ત SRPF ખાતે સમુહચિત્રમાં DySP અનિલ પટેલ, બ્ર.કુ. સ્વામીનાથનભાઈ, બ્ર.કુ. વિનયભાઈ, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. રીમાબેન તથા સ્ટાફ.



અમદાવાદ લોટસ હાઉસ ખાતે સુરક્ષા સેવા પ્રભાગના ગુજરાતના અભિયાનના 'સમાપન સમાોહ'માં સભાને સંબોધીત કરતાં બ્ર.કુ. કમલભાઈ તથા સભામાં ઉપસ્થિત વિવિધ વિભાગોના કર્મચારીગણ.



અમદાવાદ વસ્ત્રાલમાં સુરક્ષા સેવા પ્રભાગના 'અભિયાન' અંતગર્ત RPF ખાતેના કાર્યક્રમમાં શ્રોતાગણ સ્ટાફ તથા ફેકલ્ટી બ્ર.કુ. જયશ્રીબેનને સ્મૃતિચિન્હ આપતાં RPF ડિપ્ટી કમાન્ડટ શૈલેન્દ્રકુમાર.



સુરત આંબાતલાવડી દ્વારા પૂર્વ સુરત સબઝોન સંચાલિકા બ્ર.કુ. લત્તાબેનના ૨૧મા સ્મૃતિદિવસ નિમિતે આયોજીત યોગ તપસ્યા ભઠ્ઠીમાં યોગની અનુભૂતિ કરાવતાં બ્ર.કુ. રૂપેશભાઈ.



મહુડી વૃધ્ધાશ્રમના વૃધ્ધજનોના મધુબન પ્રવાસ દરમ્યાન આયોજીત સમાજીક વર્ગના સ્નેહમિલનમાં વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી ભ્રાતા ભુપેન્દ્રભાઈ સાથે બ્ર.કુ. અવતારભાઈ, બ્ર.કુ. વિરેન્દ્રભાઈ, બ્ર.કુ. મનીષાબેન.



મરોલીમાં GT Tyreના કંપની શૉરૂમનું રીબીન કાપી મંગલ ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. મુકેશબેન સાથે માલિક ભ્રાતા વિજયભાઈ પટેલ, ભ્રાતા રાજનભાઈ, બ્ર.કુ. કેશવભાઈ.



ફોર્ટ સોનગઢ ખાતે 'તમારું સ્વાસ્થ્ય તમારા હાથમાં' કાર્યક્રમ બાદ સમુહચિત્રમાં યોગાચાર્ય ભ્રાતા દુષ્યંતભાઈ મોદી, બ્ર.કુ. નયનાબેન મોદી, બ્ર.કુ. સુભદ્રાબેન સાથે સ્ટાફ.



રાજકોટ હેપ્પી વિલેજમાં 'સમર્પિત સેવારત્નોનો સન્માન સમારોહ'માં 'વિશ્વ ધ્યાન દિવસે' ગુજરાત સ્તરે આયોજીત ૬૦૦૦૦થી વધુ ભાઈ-બહેનોના સંગઠીત યોગાભ્યાસ કાર્યક્રમ માટે ગુજરાતના વરિષ્ઠ બહેનોને 'વર્લ્ડ રેકોર્ડ'નું પ્રમાણપત્ર આપતાં બ્ર.કુ. મૃત્યુંજયભાઈ સાથે ડૉ. દિપક હરકે, RK યુનિવર્સીટીના VC ડૉ. અમિત લાઠીગરા.



મહેસાણા ખાતે સુરક્ષા સેવા પ્રભાગ દ્વારા ગુજરાત સ્તરીય 'અભિયાન'માં દીપ પ્રગટાવતાં બ્ર.કુ. સરલાબેન, બ્ર.કુ. દીપાબેન, CISFના DG ભ્રાતા પ્રેમ એમ. જે., BSFના DG ભ્રાતા અરૂણ શર્મા, RPFના ASC ભ્રાતા સંજય ચૌધરી, Retd.કર્નલ બ્ર.કુ. સતીભાઈ, Retd. ACP ભ્રાતા બ્ર.કુ. વિનય શુક્લ તથા અન્ય મહાનુભાવો.




ઈન્દ્રપ્રસ્થ GGRCમાં સુરક્ષા સેવા પ્રભાગ દ્વારા ગુજરાત સ્તરીય 'અભિયાન'ના કાર્યક્રમ બાદ સમુહચિત્રમાં બ્ર.કુ. ડૉ. નેહાબેન, BSFના DIG ભ્રાતા મનજીતસિંહ, તલોદ પોલીસ સ્ટેશનના PI ભ્રાતા સી.જી. રાઠોડ, Retd. કર્નલ બ્ર.કુ. સતીભાઈ, બ્ર.કુ. તારાબેન, બ્ર.કુ. નંદાબેન તથા પ્રભાગના સદસ્યો.



ભરૂચ ઝાડેશ્વર ખાતે સુરક્ષા સેવા પ્રભાગ દ્વારા ગુજરાત સ્તરીય 'અભિયાન'ના કાર્યક્રમમાં દીપ પ્રગટાવતાં બ્ર.કુ. પ્રભાબેન, બ્ર.કુ. ઈ.વી. સ્વામીનાથનભાઈ, Dy.SP ભ્રાતા સી.કે.પટેલ, Dy.SP ભ્રાતા માનસ ગાંગુલી, PI ભ્રાતા વિજયભાઈ પટેલ, બ્ર.કુ. કમલભાઈ.




ચિલોડા ખાતે સુરક્ષા સેવા પ્રભાગ દ્વારા 'રાષ્ટ્ર સશક્તિકરણ' અભિયાન અંતર્ગત GC CRPF કેમ્પમાં આયોજીત કાર્યક્રમમાં DIG ભ્રાતા ધમેન્દ્રસિંહને ઈશ્વરીય સોગાત આપતાં બ્ર.કુ. તારાબેન સાથે બ્ર.કુ. શ્રૃતિબેન, બ્ર.કુ. દિપકભાઈ, બ્ર.કુ. કમલભાઈ.



ભાવનગરમાં સુરક્ષા સેવા પ્રભાગના અભિયાન અંતર્ગત 'શહીદ દિને' ભાવનગર એરપોર્ટ ઓથોરિટી દ્વારા આયોજીત કાર્યક્રમમાં Dy.SP ભ્રાતા નીમાબેન ઝાલા સાથે સમુહચિત્રમાં બ્ર.કુ. નમ્રતાબેન, બ્ર.કુ. સંજયભાઈ, બ્ર.કુ. મુકેશભાઈ.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com